સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની દિવ્યવાણી આધારિત

યોગવાણી



સત્પંથ પ્રકાશન સમિતિ

પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ,
જી. અમદાવાદ - ૩૮૨૪૨૫

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની દિવ્યવાણી આધારિત

યોગવાણી



સત્‌પંથ પ્રકાશન સમિતિ

પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ,
જી. અમદાવાદ - ૩૮૨૪૨૫

સદાય આશીર્વાદ રહે છે આપના.



પ.પૂ. પ્રેરણાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય

શ્રી નાનકદાસજી મહારાજ

પ્રેરણાપીઠ-પીરાણા.

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની દિવ્ય વાણી આધારિત

યોગવાણી

• પ્રકાશક •

સત્પંથ પ્રકાશન સમિતિ

સત્પંથ પ્રેરણાપીઠ - પીરાણા, તા. દસક્રોઈ

જિ. અમદાવાદ - ૩૮૨૪૨૫

"યોગવાણી"

- પ્રકાશક : **શ્રી સત્‌પંથ પ્રકાશન સમિતિ,**
  પ્રેરણાપીઠ - પીરાણા,
  તા. દસક્રોઈ, જિ. અમદાવાદ-૩૮૨૪૨૫.

- **પ્રથમ આવૃત્તિ** :: જૂન - ૨૦૧૧

- **પ્રત** :: ૨૦૦૦

- **મૂલ્ય** :: **રૂા. ૨૦-૦૦**

- **મુદ્રક** :: **સ્મૃતિ ઓફસેટ**
  જી-૧૨,ન્યુ માધુપુરા માર્કેટ,
  પોલીસ કમિશ્નર ઓફીસ સામે,
  શાહીબાગ, અમદાવાદ
  ફોન : ૦૭૯-૨૫૬૨૪૩૯૦

પ્રસ્તાવના...

અસત્ય-અજ્ઞાનયુક્ત માર્ગનો ત્યાગ કરીને જીવાત્માએ આત્મજ્ઞાનનો માર્ગ લેવો જોઈએ. પ્રાચીન સમયમાં ઋષિમુનિઓ, સત્યસાધકગણ આ માર્ગનું આચરણ કરી પરબ્રહ્મ સ્વરૂપમાં લીન થયા છે. સર્વ પાપો પ્રાયશ્ચિત્ત નામશેષ થઈ જીવાત્માના ચિત્તમાં નિર્મળ આત્મજ્ઞાન જાગૃત થાય, જીવાત્મા અજર-અમર એવા સચ્ચિદાનંદ સ્વરૂપ મોક્ષ અનુભવે તેને જ **"યોગમાર્ગ"** કહેવાય.

નિત્ય, નૈમિતિક અને કામ્ય કર્મો કરીને નિષ્કર્મ થઈને છેલ્લે આત્મજ્ઞાન-શ્રવણ, સત્સંગ, જ્ઞાનચર્ચા, મનન, નિદિધ્યાસન વગેરે સાધનોથી મન શાંત સ્થિર કરી ભગવાનના નિર્ગુણ નિરાકાર સત્ ચિત્ત સ્વરૂપનું ધ્યાન ચિંતન કરતાં કરતાં પોતાની તમામ વૃત્તિઓ-કામનાઓ લય કરવાની ક્રિયા તે જ "યોગમાર્ગ".

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ આ અષ્ટાંગ યોગ સાધનોના દૃઢ અભ્યાસથી જીવાત્મા જ્યારે પોતાની મલિન અવિદ્યા સ્વરૂપ જડ તત્ત્વ જાણી તેનો ત્યાગ કરવાનો અભ્યાસ કરે ત્યારે જ ચેતન સ્વરૂપ જ્ઞાનાવલંબનથી તે દુઃખ મુક્ત થતો જાય છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે જ્યારે યોગી પોતાના મનને ઈશ્વર સાથે યુક્ત કરે છે, ત્યારે પરમાત્મા તેની બુદ્ધિને પોતાની કૃપાથી યોગીમાં યુક્ત કરે છે. પછી તે સાધક પરમ તત્ત્વ પ્રકાશ સ્વરૂપ પરમાત્માને પોતાનામાં ધારણ કરે છે. દુઃખમાંથી છૂટી મોક્ષ-આનંદ પ્રાપ્ત કરવા માટે યોગ કે આત્મજ્ઞાનના સામર્થ્યથી ઉપાસના યોગ દ્વારા આત્માને શુદ્ધ કરી પરમ તત્ત્વ પ્રકાશ સ્વરૂપ પરમાત્માનો આનંદ પ્રાપ્ત કરી શકાય છે. સાધકે પ્રથમ પંચતત્ત્વનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું. આ વસ્તુઓ કેવી છે ? તેમનું કાર્ય કેવું છે ? સ્વભાવ ગુણ કેવા છે ? તેમાં સાત્ત્વિકપણું, રાજસપણું, તામસપણું કેવા પ્રકારનાં છે ? એનું જ્ઞાન સંપાદન કરવું. ત્યાર પછી આપણા શરીરમાં આ પંચ પ્રાણ કઈ જગ્યાએ અને કેવી રીતે કાર્ય કરે છે. આ સર્વ જ્ઞાન મહાન જ્ઞાની પુરુષો દ્વારા પ્રાપ્ત કરી લેવા અને આપણા ધ્યાન અવસ્થામાં તેનો અનુભવ કરવો.

આવું જ અમૂલ્ય જ્ઞાન "યોગવાણી" દ્વારા સદ્‌ગુરુ શ્રી ઇમામશાહ મહારાજે જગતના મુમુક્ષુ જીવાત્માઓને દર્શાવી તેમના આત્મોદ્ધાર કર્યા છે. જે આજે "યોગવાણી" દ્વારા પ્રચલિત છે.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સર્વ જ્ઞાન સંપન્ન જ જન્મ્યા હતા. બાલ્યાવસ્થામાં જ તેમની દિવ્ય શક્તિનો પરિચય જગતના લોકોને થવા લાગ્યો હતો. તેમની દિવ્ય શક્તિની કીર્તિ સાંભળી કેટલાક 'યોગી' પુરુષો તેમને મળવા આવ્યા

કે આપણે યોગીઓ જીવનભર યોગ સાધના કરીને હજી જે સાધ્ય નથી કરી શક્યા તે આ નાનકડા બાળકને ઘેર બેઠાં કેવી રીતે સાધ્ય થાય ? એવો વિચાર કરતાં યોગી લોકો આવી પહોંચ્યા.

બાળ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે યોગીઓને સર્વ પ્રકારની યોગક્રિયાઓનું દર્શન કરાવ્યું અને સંસાર શું છે ? તેમજ જગત જગદીશ અને તેની માયા આ સર્વ "યોગવાણી" દ્વારા વિસ્તારથી સમજાવ્યું. તેથી તે યોગી લોકોનો અહંકાર નષ્ટ થયો અને તેમને સત્ અને અસત્ વિવેકથી કેવી રીતે જાણવું તેનું જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું. યોગી લોકોએ પોતાની મુદ્રિકા આપી તેમને સદ્‌ગુરુ તરીકે સ્થાપ્યા.

તેવી જ રીતે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ધર્મોપદેશ કરતા કરતા પોતાના વતન ઊંચ મૂલ સ્થાનમાં પાછા આવ્યા અને થોડા દિવસ ત્યાં રોકાણ કર્યું. તેની દિવ્યતા અને બ્રહ્મકળાની કીર્તિ ચારે દિશામાં ફેલાઇ ગઈ હતી. તે સમયે કેટલાક યોગી લોકો ઊંચ મૂલ સ્થાન આવ્યા. ત્યારે તેમને જાણ થઈ કે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ બ્રહ્મનિષ્ઠ દિવ્ય પુરુષ છે. તેમની ખાતરી કરવા તેમને હાજરવીરને પૂછ્યું કે; શું ઈમામશાહ મહારાજમાં બ્રહ્મ કળા છે ? જો તેમનામાં બ્રહ્મકળા હોય તો અમારે તેમને ધર્માદા રકમ આપવી છે.

ત્યારે હાજરવીર મહારાજે કહ્યું કે; હા, સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ બ્રહ્મનિષ્ઠ છે, તમે જાતે ખાત્રી કરી શકો છો.

યોગી લોકો ઇમામશાહ મહારાજ પાસે આવ્યા અને પોતાના મનની વાત કરી. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે "યોગવાણી" દ્વારા યોગીઓને આત્મજ્ઞાન દર્શાવ્યું અને પોતાના મુખમાં યોગી લોકોને ચૌદ ભુવન અને તમામ બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં. બ્રહ્મકળાનાં દિવ્ય દર્શનથી અનુભવી યોગીઓ હર્ષમય થયા અને સન્માનથી દશવંત અર્પણ કરી.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે જે 'યોગવાણી' દ્વારા યોગી પુરુષોને આત્મજ્ઞાન દર્શાવ્યું હતું તે જ "યોગવાણી"નું જ્ઞાન જગતના મુમુક્ષુ જીવાત્માના આત્મકલ્યાણ માટે આ નાનકડા ગ્રંથ દ્વારા પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ જ્ઞાન સરિતાના પવિત્ર વારિ થકી કોઈ જીજ્ઞાસુ આત્માની જ્ઞાનક્ષુધા તૃપ્ત થઈ આત્મકલ્યાણના માર્ગ પથ પર પ્રયાણ કરશે તો અમારો આ નાનકડો પુરુષાર્થ લેખે લાગશે.

સંપાદક શ્રી
શ્રી શામજીભાઈ કે. પટેલ
શ્રી સત્પંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ પીરાણા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ

અનુક્રમણિકા

- ● પ્રસ્તાવના
- ૧. યોગ સંયોગ ગ્રહી રહીએ. ૧
- ૨. યોગ માર્ગે યુક્તિએ ચાલો જોઈ. ૪
- ૩. યોગ યોગેશ્વર કમાઓ. ૫
- ૪. યોગની યુક્તિ જાણે સો નર યોગી. ૬
- ૫. યોગના ભેદ દોહેલા. ૭
- ૬. યોગના મર્મ કોઈ ના જાણે. ૮
- ૭. તો યોગની યુક્તિ અનેરી - ૧. .... ૧૦
- ૮. યોગી તે ધ્યાન માંહે રહ્યા. ૧૨
- ૯. યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ૧૪
- ૧૦. યોગની યુક્તિ ન્યારી. ૧૬
- ૧૧. યોગની રીત અનેરી. ૧૮
- ૧૨. યુક્તિ વિના મુક્તિ ના હોએ. ૨૦
- ૧૩. તો યોગના મર્મ ના જાણે કોઈ. ૨૩
- ૧૪. યોગ વિના યુક્તિ ના હોયે. ૨૪
- ૧૫. યુક્તિના ભેદ વિના મુક્તિ ના હોયે. ૨૬
- ૧૬. યોગ તણા આસન દોહેલા. ૨૮
- ૧૭. તો યોગના ભેદ અનેરા. ૩૦
- ૧૮. અનાથે નાથ જો સરજ્યા. ૩૨
- ૧૯. આવા યોગ યોગેશ્વર કમાઓ. ૩૪
- ૨૦. જ્યોત જાણે સોહી નર યોગી. ૩૭
- ૨૧. યોગીની યુક્તિના વિચાર અનેરા. ૪૦
- ૨૨. તો યોગની યુક્તિ અનેરી - ૨. .... ૪૧
- ૨૩. યોગ માર્ગે મુક્તિએ ચાલીએ જોઈ ૪૨
- ૨૪. યોગના માર્ગ દોહેલા. ૪૩

૨૫. તો યુક્તિ વિના યોગ દોહેલા. ૪૪
૨૬. ત્રણ તત્વનો ભેદ જાણે કોઈ. ૪૭
૨૭. તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ૪૮
૨૮. યોગી રે યોગી તે આસન યોગી. ૪૯
૨૯. ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ૫૧
૩૦. તો યોગના મર્મને જાણો. ૫૪
૩૧. તમે યોગની યુક્તિના જાણી. ૫૬
૩૨. સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ૫૮
૩૩. સદ્દગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ૬૧
૩૪. તો યોગના તત્વ તમે જાણો. ૬૪
૩૫. પણ યુક્તિ જાણે તે યોગી. ૬૯
૩૬. આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ૭૦
૩૭. નિરંજન લાધ્યા તો યોગને કાઢો-૧. .... ૭૪
૩૮. નિરંજન લાધ્યા તો યોગને કાઢો-૨. .... ૭૭
૩૯. પણ અલક્ષ વિના અર્થના સરે. ૮૧
૪૦. મુજે આદ્ય ભેદકા કહો રે વિચાર. ૮૫
૪૧. પણ યુગમાં જીવણા થોડા. ૮૯
૪૨. જેમને સરજ્યા તેમને સેવો - ૧. .... ૯૨
૪૩. જેમને સરજ્યા તેમને સેવો - ૨. .... ૯૪
૪૪. બ્રહ્મ પીછાણે સોહી યોગી. ૯૬
૪૫. અમને આસન બ્રહ્માજી બતાવો. ૯૯
૪૬. પણ અમને છે ગોર નરની આશા. ૧૦૧
૪૭. પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ૧૦૪
૪૮. કાયા કસો તો યોગ સૂજે. ૧૦૭
૪૯. તમે જન્મના યોગને જાણો. ૧૧૦
૫૦. પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ૧૧૪
૫૧. પણ યોગ તત્ત્વ તમે જાણો. ૧૧૬
૫૨. યોગીકો ખોજતાં યુગ ગયે. ૧૨૦

• • •

ॐ

શ્રી યોગવાણીનાં જ્ઞાન

શ્રી સદ્‌ગુરુ બ્રહ્મા વાચા

જ્ઞાન : ૧

● યોગ સંયોગ ગ્રહી રહીયે ●

ધરતી નહોતી જ્યારે આસમાન નહોતા,
ત્યારે સૃષ્ટિ સંજોગ નહોતા કોઈ;
પરથમ યોગ કેરા મૂલ વખાણું,
તો પ્રેમ તત્ત્વ સોહી. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥ટેક॥
આવાગમનના જે ઘર હોયે નિવેડા,
લક્ષ ચોરાસી ખાણના જે ઘર હોય છૂટકારા,
સત્‌પંથના મારગ જે ઘરથી પ્રકાશ્યા,
તો સોહી પરમેશ્વર કહીયે. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૧॥
પ્રથમ ધંધુકાર જો હતા.
અને તેજ સ્વરૂપી બ્રહ્મા કહાવ્યા;
તેજ મધ્યે સ્વામીએ ધ્યાન ધરીને,
ત્યારે પ્રથમ હેત ઉપાયા. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૨॥

હેત ધરીને નીર જો કીધા,
નીર ભીતર ખીર ઉપાયા;
ખીર મધ્યેથી સ્વામીએ ફીણ જો સરજ્યા,
તો તેની ભીતર ઇંડ નીપાયા. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૩॥
ઉત્તપત્ એક સ્વામીયે ઇંડ નીપાયા,
તીસ માંહે સ્વામીએ પવન સમાયા;
યોગેશ્વર હતા તે તો ધ્યાન માંહે લાગ્યા,
સો એણી પેરે યોગ કમાયા. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૪॥
ગગન મંડલ માંહે નાથજીનું આસન સોહાયે,
ત્યાં અનંત મૂરતકા હોયે મેલા;
તે ગોર બ્રહ્માની નગરી માંહે સેવા શું ખેલે,
તે પાત્ર નિષ્કલંકી ના ચેલા. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૫॥
તે માંહે ઉત્તપત બ્રહ્માને ઉત્તપત વિષ્ણુ,
તો દેવ માહેશ્વર સોહી;
ત્રણ મૂરત એક જ્યોતિ શું ખેલે,
તેને જાણે જ વિરલા કોઈ. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૬॥
વેદ કથી કથી બ્રહ્માજી રહ્યા,
અનો વિષ્ણુએ મેલી માયા;

ધ્યાન ધરી ધરી બેઠા માહેશ્વર,
તો એ પરિબ્રહ્મકા પાર ના પાયા. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૭॥
એકાંતિક સેવા તો અગમ મેવા,
મન વાચક જ્યોતિ શું ખેલે;
અમર ભેદ પ્રમાણો યોગેશ્વર,
તો ટળે જીવના જોખમી ફેરા. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૮॥
ભણે સદ્ગોર બ્રહ્મા પાત્ર ઇન્દ્ર ઈમામશાહ,
આ સત્પંથ આદિ નીપાયા;
સદ્ગોર પ્રસાદે જે ઋષિવરે વર પાયા,
તેની અમર હોશે કાયા. રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૯॥
આવા ગમનના જે ઘર હોયે નિવેડા,
લક્ષ ચોર્યાશી ખાણના હોયે છૂટકારા;
સદ્ગોર પ્રસાદે જે ઋષિવરે વર પાયા,
સોહી પરમેશ્વર કહીયે રે યોગેશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહીયે. ॥૧૦॥

જ્ઞાન - ૨

● યોગ માર્ગે યુક્તિએ ચાલો જોઈ. ●

પ્રથમ પહેલાં ધંધુકાર જ હતા,
ધ્યાન ધરી ધરી પ્રથમ હેત નીપાયા;
તેજ મધ્યે સ્વામી આપે આવ્યા,
તો તેજ માંહે સર્વે સરજાયા. રે યોગેશ્વરો
યોગ માર્ગે યુક્તિએ ચાલો જોઈ ॥૧॥
અખંડ આસન દેવે દેહીમાં સરજ્યાં,
ત્યારે બાંબા મધ્યે રૂપ વર્ત્યા;
મંડળ મધ્યે જયારે મન પ્રકાશ્યું,
ત્યારે પિંડને રૂહ સર્વે સરજ્યા. રે યોગેશ્વરો
યોગ માર્ગે યુક્તિએ ચાલો જોઈ ॥૨॥
શબ્દના ભેદ ત્યારે સામજીનો રહ્યા,
ત્યાં સગુણનો નિર્ગુણ સર્વે સરજ્યા;
કમલ પ્રકાશી ધ્યાન ધરીયા,
ત્યારે ભેદ અભેદ બેઉ વર્ત્યા, રે યોગેશ્વરો
યોગ માર્ગે યુક્તિએ ચાલો જોઈ ॥૩॥
યોગી પ્રત્યે સદ્‌ગુરુ બોલ્યા,
ત્યારે દેવનો પૂજી દશાંશ આલી;
ઇન્દ્ર ઇમામ શાહે યોગ સમજાવ્યા,
ત્યારે યોગીઓ એ યોગ મેલ્યા ઉથાપી. રે યોગેશ્વરો
યોગ માર્ગે યુક્તિએ ચાલો જોઈ ॥૪॥

જ્ઞાન - 3

● યોગ યોગેશ્વર કમાઓ. ●

પ્રાણ સરજીને સ્વામીએ પિંડ નીપાયા,
પ્રાણ તણી એ છે કાયા;
કાયા મધ્યે સ્વામીએ કર્મ જો મેલ્યું,
તો રક્ષા માંહે સર્વ સમાયા. રે યોગેશ્વરો-
યોગ યોગેશ્વર કમાવો. ॥૧॥
યોગેશ્વર તે જે કોઈના જીવને ઓધારે,
અને જનમ મરણના સાંસા ટાલે;
વૈકુંઠની વાટમાં ઊભા જો રહીને,
નરકે જાતાં જીવને વાળે, રે યોગેશ્વરો-
યોગ યોગેશ્વર કમાવો. ॥૨॥
ધ્યાન ધરી ધરી ધંધુકાર જો દેખે,
અને જનમ મરણનો રાખે લેખે;
નિગમને જાણી અગમ પીછાણે,
સૂન કલા માંહે સર્વે દેખે. રે યોગેશ્વરો-
યોગ યોગેશ્વર કમાવો. ॥૩॥
આસન રાખીને સ્થળ પૂજાએ,
એણી યુક્તિએ જીવોના તારણ સોહી;
ભણે પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહ યોગેશ્વર પૂરા,
તેને આખર મેળાવડામાં લેજો જોઈ. રે યોગેશ્વરો-
યોગ યોગેશ્વર કમાવો. ॥૪॥

જ્ઞાન - ૪

● યોગની યુક્તિ જાણે સો નર યોગી. ●

વેદ વિચારીને ગોર નરને સેવો,
સત્ય કરીને તેમને સોંચો;
સત્‌પંથ માંહે શ્રદ્ધા ધરીને,
પિંડ પોતાનું શોધો. રે યોગેશ્વરો-
યોગની યુક્તિ જાણે સો નર યોગી. ॥૧॥

આજના ભૂલ્યા નર તે પ્રલયે જાસે,
અમને સત્ય પંથે આદ્ય પ્રમાણો;
ભણે સદ્‌ગુરુ ઈમામશાહ સુણો યોગેશ્વર,
પિંડ બ્રહ્માંડમાં અમને પીછાણો. રે યોગેશ્વરો-
યોગની યુક્તિ જાણે સો નર યોગી. ॥૨॥



જ્ઞાન - ૫

● યોગના ભેદ દોહેલા. ●


યોગ તત્ત્વ કેરા ભેદ વખાણો,
કે સાંભળો યોગેશ્વર જાણી;
આદે ઉનાદે નર યોગી જો હતા,
તેને જાણે સો સાચા નર જાણો. રે યોગેશ્વરો-
યોગના ભેદ દોહેલા ॥૧॥
આપ સંભાળીનો સેવા જો કીજે,
તો આસન દયાનો નિવેડા;
યોગ તણા જોનો નિવેડા હતા,
તેણે લીધા માયા તણા કેડા. રે યોગેશ્વરો-
યોગના ભેદ દોહેલા ॥૨॥
યોગી તો જે યુક્તિનો જાણે,
અનંત પ્રકારે યોગનો સંભાળે;
કાયા માયા જે દુનિયામાં મ્હાલો,
તો ક્રિયામાં યોગને સંભાળો. રે યોગેશ્વરો-
યોગના ભેદ દોહેલા ॥૧॥
યોગી તો જે યુક્તિનો જાણે,
યોગ મંત્ર નો બાંધે;
કહે ગોર ઇમામશાહ સાંભળો યોગી,
વેદ મંત્રે યોગ સાધે. રે યોગેશ્વરો-
યોગના ભેદ દોહેલા ॥૪॥

જ્ઞાન - ૬

● યોગના મર્મ કોઈ ના જાણે. ●

આદે ઉનાદે જોને સદ્‌ગોરે સરજ્યા,
ત્રણ મૂરત ત્યારે સારજી;
ત્રણ મૂરત એક જયોતિ શું ખેલે,
તે આદે ઉનાદે લેજો જોઈ. રે યોગેશ્વરો-
યોગના મર્મ કોઈ ના જાણે. ॥૧॥
આ સત્‌પંથ મધ્યે સદ્‌ગોર આવ્યા,
અનો સત્યનો સંતોષ બેઉ લાવ્યા;
ધર્મ પ્રકાશીનો પાપ પ્રજાલ્યા,
તો સૃષ્ટિ તણા ગોર કહાવ્યા. રે યોગેશ્વરો-
યોગના મર્મ કોઈ ના જાણે. ॥૨॥
ગોરના કાંકણ બંધાવીને પાવળ પીધાં,
તો જીવ ચારે ખાણીથી છૂટ્યા;
દુનિયાના જીવ તે તો દુનિયા શું લાગ્યા,
તે સત્ય પંથ માંહેથી ફૂટ્યા. રે યોગેશ્વરો-
યોગના મર્મ કોઈ ના જાણે. ॥૩॥
ઋષિવર તે જે કોઈ રત્ન પીછાણે,
અનો કાચની માયા નો તાજે;
સત્ય પંથ વાટે ધ્યાન ધરીનો,
અલખ પુરુષનો ભજે. રે યોગેશ્વરો-
યોગના મર્મ કોઈ ના જાણે. ॥૪॥

વિષ્ણુનો ઓળખીનો પાત્રનો પૂજે,
અનો મેલે દુનિયાની આશા;
જાંબુદ્વીપના પુરુષનું ધ્યાન જો રાખે,
તેને હોસે અમરાપુરના વાસા. રે યોગેશ્વરો-
યોગના મર્મ કોઈ ના જાણે. ॥૫॥
આધ પુરુષ જોનો સત્‌પંથમાં આવ્યા,
સોહી યોગી ઋષિવરનો પાયા;
ભણે પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહ અમે આદે છું યોગી,
અમને મલે અમર થાએ કાયા. રે યોગેશ્વરો-
યોગના મર્મ કોઈ ના જાણે. ॥૬॥



જ્ઞાન - ૭

● તો યોગની યુક્તિ અનેરી - ૧. ●

સૂન મધ્યે જોને બાંબ જો હુતા,
અનો તોજ માંહે બાંબ ઉપાયા;
યોગ મધ્યે જોને એક ઇંડ નીપાયા,
તે ઇંડ મધ્યે બાંધી હરિએ કાયા. રે યોગેશ્વરો -
તો યોગની યુક્તિ અનેરી. ॥૧॥
ઇંડ છેદી ને હરિએ હેત ઉપાયા,
તો હેત શું કીધો વિસ્તાર;
ઇંડ મધ્યેથી નરાકાર ઉપન્યા,
ત્યાં મૂરત સારજી ચાર, રે યોગેશ્વરો-
તો યોગની યુક્તિ અનેરી. ॥૨॥
હેત ધરીનો દેવે જુગત નિપાઈ,
આ તોજ થકી સર્વ કમાઈ;
સત્ય સંતોષે ત્રણ દેવ જો રહ્યા,
તો ઓમકાર શબ્દે સૃષ્ટિ નિપાઈ. રે યોગેશ્વરો -
તો યોગની યુક્તિ અનેરી. ॥૩॥
આદે ઉનાદે જોને ઓમકાર કહીએ,
બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર વર્તીએ;
શક્તિ થકી સર્વ સૃષ્ટિ નીપાઈ,
તો એ તત્ત્વે રહ્યા સર્વ દેવ. રે યોગેશ્વરો -
તો યોગની યુક્તિ અનેરી. ॥૪॥

સૂના મધ્યે જોનો શબ્દ ઉપના,
અનો શબ્દથી સર્વે ઉપાયા;
કહે પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહ,
તો તેજ માંહે તેજ સમાયા. રે યોગેશ્વરો -
તો યોગની યુક્તિ અનેરી. ॥૫॥



જ્ઞાન - ૮

● યોગી તે ધ્યાન માંહે રહ્યા. ●


હેત ધરી ધરી ફીણ જો કીયા,
ફીણ થકી ઇંડ નીપાયા;
તો ઇંડ મધ્યે સર્વ રચના કીધી,
ત્યારે સરજી તે પિંડ ને કાયા. રે યોગેશ્વરો -
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૧॥

આધ નિરંજનો ઇચ્છા જો કીધી,
પ્રથમ યોગના મૂળ નીપાયા;
તો યોગ મધ્યે યોગીશ્વર રહીનો,
તે પિંડ સાથે મેલી છે માયા. રે યોગેશ્વરો -
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૨॥

કાયાને માયા બેઉ યુગલ સરજ્યા,
તો જ મધ્યે યોગ સમાયા;
યોગ માંહેથી દેવે યુક્તિ જો સરજી,
માંહે ત્રણ તત્ત્વ અલોપ જ રહ્યા, રે યોગેશ્વરો -
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૩॥

તે તત્ત્વ માંહેથી ત્રણ ગુણ જો સરજ્યા,
તો યોગીએ તો જ માંહે મેલ્યા;
આદ મધ્યેથી જોને શબ્દ જો થયા,
શબ્દેથી તે જ સર્વે ખેલ્યા. રે યોગેશ્વરો -
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૪॥

ત્રણ ગુણ થકી એક નારી જો સરજી,
તો નારીથી સર્વે ગુણ હુવા;
ત્રણ ગુણ થકી જે અળગા રહ્યા,
તે કર્યા આદ નિરંજને જુદા. રે યોગેશ્વરો -
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૫॥
નાથ અનાથ જોને એણી પેરે હુવા,
તો તો બોહુ તોજના છે મેળા;
કહે પાત્ર ઇન્દ્ર ઇમામશાહ આસન જોયા,
એ નાથ અનાથના ના ચેલા. રે યોગેશ્વરો-
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૬॥



જ્ઞાન - ૯

● યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ●

હેત ધરીનો વિમુખ ફરીયા,
તોનો નિશ્ચે ફોગટ ફેરા મળશે;
પાપના પડદા પિંડ ઉપર ફરીયા,
સતીયા હોશો તો ફેરા ટળશે. રે યોગેશ્વરો-
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૧॥
આપ વિચારો નો પાપનો વારો,
નહિ તો પિંડ પ્રાણના પડશે વેરા;
જીવની જ્યોતિ જેવા નિર્મલ મોતી,
નિરંજન ઘર થાસે વાસો સવેળા. રે યોગેશ્વરો-
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૨॥
પાંચે ને મારે મારી એક કરી જાણે,
પણ સૂર્ય ઊગો સંગ્રામ થાશે;
સોળ કળા લઈ સૂર્ય જ તપશે,
લેખાં થાશે જીવનાં સાંઇયા પાશે. રે યોગેશ્વરો-
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૩॥
બ્રાહ્મણ યોગીનો સેવડા સંન્યાસી,
તો શું જાણે કલા અમારી ?
અનંત પ્રકારે અમે કળાઓ કીધી,
દેવના દેવ અમે યોગ કળા સાધી. રે યોગેશ્વરો-
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૪॥

નવ માસ માતા એ ઉદર માંહે રાખ્યા,
તોનીએ તમે શુદ્ધ ના જાણી;
એમ બોલ્યા ઇમામશાહ તમે સુણો યોગી,
તમે તજો સંસારના મીઠા પાણી. રે યોગેશ્વરો-
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૫॥
આરે સંસાર લહેર સમુદ્રની કહીયે,
શ્રદ્ધા હશે તો ઉતારશે પાર;
અથર્વવેદ પ્રમાણી સ્વામીનો સેવો,
તો નિશ્ચે ભવનો ફેરો ટાળો. રે યોગેશ્વરો-
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૬॥



જ્ઞાન - ૧૦

● યોગની યુક્તિ ન્યારી. ●


ઓમકાર મધ્યે ધ્યાન ધરીને,
ધંધુકાર જો રચિયા;
ધ્યાન માંહેથી યોગ જો સારજ્યા
યોગ માંહેથી નીપની કાયા. રે યોગેશ્વરો-
યોગની યુક્તિ ન્યારી. ॥૧॥

આદિ યોગેશ્વરે યોગી પાયા,
અને યોગીથી સારજી માયા;
આદે ઉપન્યા તો અંતો સમાયા,
તે ધરશે અમર કાયા. રે યોગેશ્વરો-
યોગની યુક્તિ ન્યારી. ॥૨॥

ત્રણે મૂરત આદે યોગ માંહેથી સરજી,
ત્યાં શક્તિએ સારજી માયા;
યોગી હતા તે ધ્યાન માંહે રહ્યા,
ત્યાં યોગીએ યોગ કમાયા. રે યોગેશ્વરો-
યોગની યુક્તિ ન્યારી. ॥૩॥

ધ્યાન મધે સર્વે માયા સારજી,
અને માયા માંહે યોગ સમાયા;
કાયા ને માયા બેઉ યુગલ સરજ્યા
ત્યારે યુગલ માંહે યોગ જો ઉપાયા. રે યોગેશ્વરો-
યોગની યુક્તિ ન્યારી. ॥૪॥

પ્રથમ યોગી ધ્યાન માંહે બેઠા,
અનો નિરંજન રહ્યા અકેલા;
કહે પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહ યોગ કમાયા,
તે અનાથ ઘરકા એ ચેલા, રે યોગેશ્વરો-
યોગની યુક્તિ ન્યારી. ॥૫॥



જ્ઞાન - ૧૧

● યોગની રીત અનેરી. ●


આદ ના હતા ઉનાદ ના હતા,
ન હતા અક્ષરા અતિત;
શબ્દા અતિત તે યોગ માંહે રહેતા,
પછી કર્યો તે ઓમકારાતિત રે યોગેશ્વરો-
યોગની રીત અનેરી. ॥૧॥

તેજ ના હતા પુંજ ના હતા,
ત્યારે હતા તેજ બંબ સ્વરૂપ;
ત્રણ યુગ સરજ્યા ત્યારે બંબમાં રહ્યા છુપાઈ,
તે માંહે ધ્યાન ધરીયા અરૂપ. રે યોગેશ્વરો-
યોગની રીત અનેરી. ॥૨॥

તેજ ન હતા ત્યારે ક્યાં થકી સરજી ?
તો પંજર વિના કેમ કરી નીપાયું ?
યુક્તિ વિના યોગ કેમ કરી સરજ્યા ?
જ્યોતિ વિના ક્યાંથી સરજાયું ? રે યોગેશ્વરો-
યોગની રીત અનેરી. ॥૩॥

ધામ મધ્યે જોનો ધ્યાન ધરીનો,
તો નિરંજન મધ્યે નિરાકાર;
બંબ રૂપ માંહે બંધ જો હતા,
પછી કીધો ઓમકાર. રે યોગેશ્વરો-
યોગની રીત અનેરી. ॥૪॥

ઓમ મધ્યે જોને આસન જો ઉપના,
તો અતિત આદ અમે સારજ્યા;
ઇંડ મધ્યે જોનો ધ્યાન ધરીનો,
ભેદ વેદ સર્વે સારજ્યા. રે યોગેશ્વરો-
યોગની રીત અનેરી. ||૫||
શબ્દ સુણી યોગી પાયે જો લાગ્યા,
આપી દશાંશ નો ગોર પરમાણ્યા;
ધામ નિજ ધામ તણા ગુણ ગ્રહ્યા,
કહે પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહ પીછાણ્યા. રે યોગેશ્વરો-
યોગની રીત અનેરી. ||૬||



જ્ઞાન - ૧૨

● યુક્તિ વિના મુક્તિ ના હોએ. ●

બંભ ન હતા ત્યારે બ્રહ્મા ન હતા,
ત્યારે બાંભ માંહે બાંભ સમાયા;
આદેથી ઉપન્યા તે અંતે સમાયા,
તેમણે બાંધી અમર કાયા. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૧॥

આસાન વરતીનો યુક્તિની પૂરતી,
સારજ્યા યોગીનો યુક્તિએ ધાયા;
તે યોગી યુગ મધ્યે પ્રત્યક્ષ બેઠા,
જેણે ચૌદ ભુવન રચાયા. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૨॥

કાળે ક્રોધે કાન જો થાએ,
બાંભ વિસ્તારીનો બાંધ જો કીધા;
બાંભ વિસ્તારીનો બ્રહ્મ નીપાયા,
તેમાં તેજ પ્રકાશ દીધા. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૩॥

બાંભ માંહે તેજ સમાયા,
યુક્તિ વિના મુક્તિ ના હોઈ;

ઈશ્વર ન ઓળખે તે યોગને વળગે,
શિંગી ફૂંકેથી શું હોય ? રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૪॥

કરણીયે કાચા ને કૂડી છે વાચા,
તો પડચા સૂનકાર જાયે;
બ્રહ્માના ભેદ તો પૂજો ઉપવેદ,
આગે જીવનો અરથ જ થાયે. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૫॥

સૂન કળા મધ્યે ધ્યાન ધરીનો,
નીપાચા ધર્મ નો પાપ;
કર્મ ટાળી જેણે ધર્મ પ્રકાશ્યા,
એણે કુળ ઓધાર્યા માઈ ને બાપ. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૬॥

જેણે સત્‌પંથ ના સેવ્યા તે પારાધી જેવા,
તો પડશે સોહેસ્ત્ર પચાસાનો ઠાએ;
માગી ખાવું નો તીર્થે નાહવું,
જેમ માછલી છે પાણીની માંહે. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૭॥

યુક્તિ વિના યોગી જન્મ જો ખોયા,
પણ મરણા જીવણા જીવનની સાથે;
કાયમ મુનિવરો નિરંજન સેવો
શુદ્ધ બુદ્ધ તે સ્વામીને હાથે. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૮॥

યુક્તિ જાણોને અમને પીછાણો,
તે કળા ધરીને કલિ માંહે ખેલ્યા;
કહે સદ્‌ગુરુ ઈમામશાહ સુણો મારા યોગી.
તમને હાજર અમે મલીયા. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૯॥



જ્ઞાન - ૧૩

● તો યોગના મર્મ ના જાણે કોઈ. ●

આદે ઉનાદે ઓમકાર ઉપન્યા,
ત્યારે શબ્દ માંહે સર્વ સમાયા;
આદથી ઉપન્યા તો અંતો સમાયા
તો તેજ મધ્યે બાંધી હરિએ કાયા. રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ના જાણે કોઈ. ॥૧॥
યોગી તો જે યુક્તિ જ જાણે,
શબ્દ તણો લાવે જ્ઞાન;
ગગન માંહે સાધી મંડલ પ્રકાશે,
તે સૂરતા મધે રાખે ધ્યાન. રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ના જાણે કોઈ. ॥૨॥
સંધને જાણે ને શબ્દને ઓળખે,
અને યોગની ક્રિયાને સાધે;
અગ્નિ પ્રકાશીને વાની પ્રજાલે,
ગગન પાતાલે સૂરતા બાંધે, રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ના જાણે કોઈ. ॥૩॥
તાલ તમાસા બોઉ જોડી પ્રકાશે,
સંધ તણી ક્રિયા જાણી;
ઇન્દ્ર ઇમામશાહે ઉપદેશ દીધા,
તો યોગીએ યુક્તિ પ્રમાણી. રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ના જાણે કોઈ. ॥૪॥

જ્ઞાન - ૧૪

● યોગ વિના યુક્તિ ના હોયે. ●

આદ ઉનાદ અમો હતા રે એકલા,
ત્યારે શબ્દથી કર્તા મેલા;
ધ્યાન મધ્યે જયારે ધુંધલ પ્રકાશયા,
ઉનાદ પુરુષથી અમે ખેલ્યા. રે યોગેશ્વરો-
યોગ વિના યુક્તિ ના હોયે. ॥૧॥

ધંધુકાર મધ્યે ધ્યાન ધરીનો,
તોજ મધ્યે હેત ઉપાયા;
અગમ નિગમના જે હતા યોગી,
તો ખગોલ ભૂગોલ બેઉ સંધાયા. રે યોગેશ્વરો-
યોગ વિના યુક્તિ ના હોયે. ॥૨॥

ત્રણ પ્રકાશે ત્રણ મૂરત સારજી,
દસો કળા દેવે વરતી;
દસ કળામાં દસ આસન સારજયા,
દસમે મુકામે લીધી સૂરતિ. રે યોગેશ્વરો-
યોગ વિના યુક્તિ ના હોયે. ॥૩॥

નાથ અનાથ થઈને યુગ સરજ્યા,
યોગ પ્રસાદે બોલ સરજ્યા;
પિંડ બ્રહ્માંડ જેણે સુરતિમાં લીધા,
તો સર્વ પિંડ માંહેથી સરજ્યા રે યોગેશ્વરો-
યોગ વિના યુક્તિ ના હોયે. ॥૪॥

સદ્ગોર બ્રહ્માને ઓળખીને ધાઓ,
જેણે પિંડ બ્રહ્માંડ જોને સરજ્યા;
કહે પાત્ર ઇમામશાહે સત્પંથ સરજ્યા,
તે આદ ઉનાદના છે પૂરા રે યોગેશ્વરો-
યોગ વિના યુક્તિના હોયે. ॥૫॥



જ્ઞાન - ૧૫

● યુક્તિના ભેદ વિના મુક્તિ ના હોયે. ●

બાંબા નહોતા ત્યારે ખીર નહોતા,
ખીર બાંબા માંહે સમાયા;
આદેથી ઉપન્યા તે અંતે સમાયા,
તેણે બાંધી અમર કાયા. રે યોગેશ્વરો-
યુક્તિના ભેદ વિના મુક્તિ ના હોયે. ॥૧॥

યુક્તિ નો જાણે નો વેદ પ્રમાણે,
તેના મધ્યેથી યોગ નીપાયા;
આસન વરતીને યુક્તિ જો સરજી,
તે યુક્તિએ તે યોગને ધાયા. રે યોગેશ્વરો-
યુક્તિના ભેદ વિના મુક્તિ ના હોયે. ॥૨॥

બાંબા રૂપ માંહે બાંબા જો હોતા,
ત્યારે ત્યાં હેત શું તેજ બંધાયા;
નિરંજન નારાયણે ધ્યાન ધરીને,
હેત થકી ઇંડ નીપાયા. રે યોગેશ્વરો-
યુક્તિના ભેદ વિના મુક્તિ ના હોયે. ॥૩॥

નૂર વિસ્તારીને બાંબા નીપાયા,
તો બાંબા માંહે તેજ સમાયા;

આદિ યોગેશ્વરે જ્યારે ધ્યાન જો ધરિયું,
ત્યારે હેત ધરી ઇંડ નીપાયા. રે યોગેશ્વરો-
યુક્તિના ભેદ વિના મુક્તિ ના હોયે. ॥૪॥

સૂનકાર મધ્યે ધ્યાન ધરીનો,
ધર્મ કર્મ બેઉ નીપાયા;
ઇમામશાહ કહે અમે આદે છું યોગી,
અમારા તેજ માંહે સર્વે સમાયા. રે યોગેશ્વરો-
યુક્તિના ભેદ વિના મુક્તિ ના હોયે. ॥૫॥

જ્ઞાન - ૧૬

● યોગ તણા આસન દોહેલા. ●

આદે યોગી તેનું ધ્યાન છે મોટું,
અને ચેલા તણી સર્વે એ માયા;
કામ થકી યોગીની કાયા ઉપની,
તો પિંડ માંહે યોગ સમાયા. રે યોગેશ્વરો-
યોગ તણા આસન દોહેલા. ॥૧॥


શબ્દ થકી જોનો સૌ નીપાયું,
તો એ વસ્તુ રહી છે ન્યારી;
શક્તિ એ તેની સેવા જો કીધી,
તેને ત્રણે દેવ રહ્યા ઘેરી. રે યોગેશ્વરો-
યોગ તણા આસન દોહેલા. ॥૨॥

એણી પેરે નાથ યોગી જો ઉપન્યા,
અનાથ સેવાએ આવ્યા;
નાથ અનાથ બેઉ યુગનો સંગમ,
ત્યાં સૃષ્ટિ સંયોગ બેઉ લાવ્યા. રે યોગેશ્વરો-
યોગ તણા આસન દોહેલા. ॥૩॥

હેત થકી જોનો શબ્દ ઉપન્યા,
તેજ મદયે સર્વે સમાયા;

ગણ મૂરતો યુક્તિ જો જાણી,
તો એ નાથ યોગીએ પાયા. રે યોગેશ્વરો-
યોગ તણા આસન દોહેલા. ॥૪॥

પ્રથમ હતા તો અંતો જો ઉપન્યા,
તો આદે અંતો એહ યોગ કમાયા;
ઇંદ્ર ઇમામશાહે સોવા દેખાડી,
તો નાથ તણી શુદ્ધ પાયા. રે યોગેશ્વરો-
યોગ તણા આસન દોહેલા. ॥૫॥



જ્ઞાન - ૧૭

● તો યોગના ભેદ અનેરા. ●

સૂન મધ્યે જ્યારે સેવા હો જાગી,
ત્યારે શબ્દ થકી તેજ ઉપાયા;
તેજ મદયે જોનો શબ્દ સમાયા,
ત્યારે શબ્દથી તેજ ઉપાયા. રે યોગેશ્વરો -
તો યોગના ભેદ અનેરા. ॥૧॥

જ્યોતિ થકી જોને યોગી નીપાયા,
યુક્તિ થકી જ્યોતિ નીપાઈ;
તેજ માંહેથી ત્રણ તત્ત્વ સરજ્યાં,
યોગના માંહેથી સર્વ લીધા. રે યોગેશ્વરો -
તો યોગના ભેદ અનેરા. ॥૨॥

કરણ માંહેથી કલાઓ સર્વે જાગી,
ત્યારે સૂન ચક્ર દેવે સાદ્યા;
તેજ કલા માંહેથી યોગ પ્રકાશ્યા,
ત્રણ તત્ત્વના ભેદ દેવે બાંધ્યા. રે યોગેશ્વરો -
તો યોગના ભેદ અનેરા. ॥૩॥

અનંત યુગોયુગ પહેલાં અમે કમાયા,
અનંત વિષ્ણુ અમે નીપાયા;

અનેક બ્રહ્મા અમે આગળ સરજ્યા,
શિવને નારાયણ અમે સરજ્યા. રે યોગેશ્વરો -
તો યોગના ભેદ અનેરા. ॥૪॥

બ્રહ્મ કુંડ માંહે ભરમ પરજાલ્યું,
પણ બ્રહમના ભેદ અનેરા;
દીપક જ્યોતિ તે તે માંહે સમાઈ,
તેના કારણ નાખ્યા ફેરા, રે યોગેશ્વરો -
તો યોગના ભેદ અનેરા. ॥૫॥

યોગ માંહેથી યોગી ઉપન્યા,
તો યોગેથી સર્વે નીપાયા;
આદ નિરંજન તે યોગીના ચેલા,
તે યોગી અમ માંહે સમાયા. રે યોગેશ્વરો -
તો યોગના ભેદ અનેરા. ॥૬॥

યોગ તત્વના ભેદ વખાણું,
અનંત યોગી કેરા મેલા;
ભણે પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઇમામશાહ
કહે અમે ભભૂત માંહે સરજ્યા,
અમે આદે યોગેશ્વર એકલા. રે યોગેશ્વરો -
તો યોગના ભેદ અનેરા. ॥૭॥

જ્ઞાન - ૧૮

● અનાથે નાથ જો સરજ્યા. ●

પ્રથમ હેતાથી તોજ ઉપાયા,
હેતાને તોજ બેહુ યુગલ શું ધ્યાના;
તોજથી હેતા ઉપાયા,
તો બેહુ માંહે બેહુ સમાયા. રે યોગેશ્વરો -
અનાથે નાથ જો સરજ્યા. ॥૧॥

આદિ નાથથી નાથ યોગેશ્વર,
તો વેદ થકી શુદ્ધ પાઈ;
ભેદ માંહે વેદ વરો અપરંપાર,
એણી પેરે બેઉ સમાઈ. રે યોગેશ્વરો -
અનાથે નાથ જો સરજ્યા. ॥૨॥

આદિ યોગેશ્વરે ઇંડ નીમાયું,
તો તો માંહે તોજ સમાયા;
છેદના કરીનો ઉત્પાતા સારજી,
નૂર માંહે નૂર સમાયા. રે યોગેશ્વરો -
અનાથે નાથ જો સરજ્યા. ॥૩॥

માયા પ્રકાશીનો દેવ જો કહાવ્યા,
ત્રણ ટોળ ત્યારે સારજયા;

શબ્દ કારણ વાચા જો કીધી,
તો આદિ અંતે બેઉ આવ્યા. રે યોગેશ્વરો -
અનાથે નાથ જો સરજ્યા. ॥૪॥

નિરંજન નામનું આસન કહીએ,
સત્ય સૃષ્ટિના સદ્‌ગોર સાંઈ;
કહે પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહે એ સેવા દેખાડી,
તો એ નાથ તણી શુદ્ધ પાઈ. રે યોગેશ્વરો -
અનાથે નાથ જો સરજ્યા. ॥૫॥



જ્ઞાન - ૧૯

● આવા યોગ યોગેશ્વર કમાઓ. ●

ધામ સ્વરૂપી નિરંજન કહીએ.
ત્રણે મૂરત એક કિરતાર;
ગગન માંહે આસન કહીએ
અમે અંતર ધરીયા ધ્યાન. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૧॥
ધ્યાન ધરી ધરી માહેશ્વર યોગી,
જેણે પિંડનો બ્રહ્માંડ બોઉ કીધા;
મુંડ મુંડાયે મોક્ષ ના પાઇયે,
તેણે નરકના મારગ લીધા. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૨॥
સત્‌પંથ ન સૂઝે તે મરમ નહિ બૂઝે,
તેની આશા તૃષ્ણા ના મૂઈ;
ઇંડ માંહેથી અઢારે આલમ સરજ્યા
ઇંડ વિના કોઈ ના હોઈ. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૩॥
તો રે દહાડે અમે આપે જો હતા,
અમે અલેખ પુરુષ ઘેર જાણ;
તે રે દાડાની તમને ખબરો ન પાઈ,
તેથી પડશો તે ચોર્યાશીની ખાણ. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૪॥

આવાગમને આવ્યાને અરથ ના પાયા,
પ્રાણ પડતાં નહિ લાગે વાર;
પ્રાણનો અરથ તો એમ નહિ સમજે,
તે સત્પંથનાં મૂલ નહિ જાણે. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૫॥
મૂલના જાણે તો પ્રતિમા પ્રમાણે,
એ પથ્થર માંહે ક્યાંથી પ્રભુ પામે;
જેણે એ તમનો યોગ દેખાડ્યો,
પણ તે છે અમારા ચેલા. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૬॥
ચરણ પખાળે નો આગળ ચાલે,
પણ તોમનો ધર્મ અમે આપ્યા;
જ્ઞાન ના પીછાણે ને આપ મત ચાલે,
તમે પડશો અંધકારે થાપ્યા, રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૭॥
ધુંધલ વેશનો આલે ઉપદેશ,
પણ આશા તૃષ્ણા ના મૂઈ;
મમતા ના મૂકે ને યુગે ધ્યાન ચૂકે,
બેઈમાની પડશે બંધાઈ. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૮॥
અમે નાથનો શિદ્ધ સમજાવ્યા,
સત્પંથ સાચેર માંહે તરવું;

નિરંજન નિરાકાર તમે પ્રત્યક્ષ પૂજો,
જેથી ટળે જીવની જંજાળ. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૯॥
કર્તવ્ય ખોટા ને થાઓ છો મોટા,
પણ મોટાઇએ મર્મ નહિ પામો;
માગી ખાવું ને વૈકુંઠ જાવું,
એ દો દો બાતાં નહિ પામો. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૧૦॥
કાચી છે કાયા ને ખોટી છે માયા,
તોને મરતાં નહિ લાગે વાર;
શબ્દ છે સાચા ને પિંડ છે કાચા,
કોણ કર્તવ્યથી જીવડા છૂટે. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૧૧॥
સત્પંથે ધાવું તે પાપે નિવારણ થાવું,
નિશ દિન જપવું સાંસ ઉસાસો;
ઇમાનની ભક્તિને જીવોની મુક્તિ,
એથી જનમ મરણના ભય ભાગે રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૧૨॥
ત્રણ મૂરત આદિ યુગ માંહે આવ્યા,
તોને એક કરીને જાણો;
કહે ઇન્દ્ર ઇમામશાહ તમે ભૂલ્યા,
જપ તપ યોગે તમે યોગ કમાઓ. રે યોગેશ્વરો -
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૧૩॥

જ્ઞાન - ૨૦

● જ્યોત જાણે સોહી નર યોગી. ●

કરમ કરી કરી કંથા હો પહેરી,
આ યુગ માંહે ફોગટ ખાસો ફેરા;
અગમ નિગમની યુક્તિ ના જાણી,
જનમ મરણ બેઉના કીધા હેરા. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૧॥
જે દાડે સૂન ના હતા શબ્દ ના હતા,
ન હોતા પિંડ બ્રહ્માંડ ઉપાયા;
જલ નહતા નો કમલ નહતા,
ત્યારે નહોતા મોહને માયા. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૨॥
ધરતી નહતી ને અસમાન નહતા,
ત્યારે નહોતા મેરુ કૈલાશ;
તે દિવસે અમો આપો આપ હતા,
અમે યુક્તિ મુક્તિ કીધી પ્રકાશ. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૩॥
યુક્તિ મુક્તિ મધ્યે મન ઇચ્છા ધરીને,
અમે ધરમ કરમ બેઉ કીધા;
કરમ ધરમ વચ્ચે કરમે કરીનો,
અમે ચારે ખાણ પેદા કીધા. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૪॥

ચારે ખાણ મધે હેત ધરીનો,
અમે ઉત્પન્ન ઇંડ પેદા કીધા;
ઇંડ માંહે અમે ઇચ્છા કરીનો,
અમે નરને નારાયણ બેઉ સીધ્યા. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૫॥
અમે સત્ય ધરીનો સંસાર કીધો,
અમે આપ્યો અજંપા જાપ;
તમનો સત્પંથ માંહે સરજ્યા;
તમે ના ઓળખ્યા નારાયણ આપ. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૬॥
જ્યાં સુધી નાથના નાથ નથી મલીયા,
ત્યાં લગી લક્ષ ચોરાસી નહિ ભાંગે;
યોગી તો જે કોઈ જીવનો ઓધારે,
કરમ ધરમ કાંએ ના લાગે. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૭॥
છત્રીસ પંથ સર્વ નો જાણે,
અનો જેમ અંધા અથડાયા;
કરણ કલ્પ આગળ વહી તો ગયા,
તે માંહે ઈશ્વરે મૂકી છે માયા. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૮॥
એ નિરંજનના જોરે તોજ માંહે,
ત્રણ મૂરતો ઇચ્છા જો કીધી;

એ નરને પ્રસાદે નિરંજન જાણીયા,
એ ત્રણ મૂરત એક કિરતારે સિધ્યા. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૯॥
એવા ગુરુ મલે તો પાતક જાએ,
અમે ત્રિભોવન તારણ આવ્યા;
તેવા ગુરુ યોગી તમને નથી મળીયા,
માયાના બાંધ્યા માર ખાવા. રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૧૦॥
ત્રણ મૂરત સરજીને સંસાર નીપાયા,
શુદ્ધ બુદ્ધ તણા એ દાતાર;
કહે ઇમામશાહ આદ પુરુષથી આવ્યા,
અમને સેવે તે શુદ્ધ નિર્ધાર, રે યોગેશ્વરો -
જ્યોત જાણે સોહી નર યોગી. ॥૧૧॥



જ્ઞાન - ૨૧

● યોગીની યુક્તિના વિચાર અનેરા. ●

ધંધુકાર માંહે ધ્યાન ધરીનો,
દશે કળાઓ દેવે કીધી;
ઈંડ મધ્યે આસન સારજ્યા,
ત્રણ ગુણને વાચા દીધી. રે યોગેશ્વરો -
યોગીની યુક્તિના વિચાર અનેરા. ॥૧॥
કરમ ધરમ બોઉ યુગલે બાંધાયા,
તો યોગનો યુક્તિ બોઉ સારજ્યા;
અમે આદે ઉનાદે નાથ અતિત અકેલા,
અમે યોગના આસને વરત્યા. રે યોગેશ્વરો -
યોગીની યુક્તિના વિચાર અનેરા. ॥૨॥
સંતોષ મધે જોને સત્ય જો સારજ્યું
ત્યારે દત્ત તણો વ્યવહાર;
દયા ઉપાસી નો ધર્મ જો સારજ્યું
ત્યારે કર્મ તણા હુવા વ્યવહાર. રે યોગેશ્વરો -
યોગીની યુક્તિના વિચાર અનેરા. ॥૩॥
બ્રહ્મપણું જોઈને બ્રહ્મ કળા કીધી,
ત્યારે યોગીએ યુક્તિ જાણી;
કહે ઈન્દ્ર ઈમામશાહ ચરણે લાગ્યા,
અંતે સદ્‌ગોર બોલ્યા વાણી. રે યોગેશ્વરો -
યોગીની યુક્તિના વિચાર અનેરા. ॥૪॥

જ્ઞાન - ૨૨

● તો યોગની યુક્તિ અનેરી - ૨. ●

શબ્દાતિતો જોનો સત્ય ઉપાયું,
તો ક્ષર નો અક્ષર નીપાયું;
અક્ષર હુતા તે તો આસનો રહ્યા,
તો ક્ષર સંયોગ લઈ આવ્યા. રે યોગેશ્વરો -
તો યોગની યુક્તિ અનેરી. ॥૧॥

ધુંધળ સાધીનો ધ્યાન જો વર્ત્યું,
તો તોજે માયા પ્રકાશી;
આસનો આહાર લઈ ગયા યોગેશ્વર,
તો અતિત રહ્યા અપવાસી. રે યોગેશ્વરો -
તો યોગની યુક્તિ અનેરી. ॥૨॥

સત્ય સંતોષ વળી ક્ષમા સાધી,
તો યુક્તિ ક્રિયા માંહે વાધી;
કહે ઈન્દ્ર ઈમામશાહ યોગ સમજાવ્યો,
ત્યારે યોગી ને સુધિયા આવી. રે યોગેશ્વરો -
તો યોગની યુક્તિ અનેરી. ॥૩॥

જ્ઞાન - ૨૩

● યોગ માર્ગે મુક્તિએ ચાલીએ જોઈ. ●

ઇંડ મધે પ્રથમ ધ્યાન ધરીનો,
તો ધ્યાન મધે સાર્વે ઇચ્છયું;
દશ કળા દેવે દેહી માંહે સરજી,
તે કળા માંહે સર્વે સરજ્યું. રે યોગેશ્વરો -
યોગ માર્ગે યુક્તિએ ચાલીએ જોઈ. ॥૧॥
અખંડ આસન દેવે ઈચ્છા માંહે સરજ્યું,
તો રેખા માંહે રૂપ વરત્યું;
મંડલ મદયે જયારે મન પ્રકાશ્યું,
પિંડને આહારે સર્વે સરજ્યું. રે યોગેશ્વરો -
યોગ માર્ગે યુક્તિએ ચાલીએ જોઈ. ॥૨॥
શબ્દના ભેદ ત્યારે સમજીનો રહ્યા,
ત્યારે ગુણને નિર્ગુણ બેઉ સરજ્યા;
કમલ પ્રકાશી ધ્યાન ધરીનો,
ત્યારે ભેદ અભેદ બેઉ વર્ત્યા. રે યોગેશ્વરો -
યોગ માર્ગે યુક્તિએ ચાલીએ જોઈ. ॥૩॥
યોગ પ્રવર્તો સદ્‌ગોર વચને જાણીયા,
ત્યારે દેવનો પૂજી દશાંશ આપી;
ભણે ઇંદ્ર ઇમામશાહ યોગ સમજાવે,
ત્યારે યોગીના મેળા સ્થાપી. રે યોગેશ્વરો -
યોગ માર્ગે યુક્તિએ ચાલીએ જોઈ. ॥૪॥

જ્ઞાન - ૨૪

● યોગના માર્ગ દોહેલા. ●

પ્રથમ ધંધુકાર જો હતા,
ત્યારે તેજ મધે સ્વામી હુવા;
તેજ મધે સ્વામીએ દયાન ધરીને,
પ્રથમ હેત જ સરજ્યા. રે યોગેશ્વરો -
યોગના માર્ગ દોહેલા. ॥૧॥

પિંડ બ્રહ્માંડના સ્વામીએ કીધા નિવેડા,
ત્યારે પ્રથમ તો પ્રીત જ બાંધી;
ઑમકારથી હેત જ ધરીયું,
ત્યારે પવન પાણી રહ્યા સાધી. રે યોગેશ્વરો -
યોગના માર્ગ દોહેલા. ॥૨॥

નર હરિ કાયા ને શબ્દ ઉપાયા,
તો સૂન છેદીને ચક્ર લીધા;
આપો તે આપ સ્વામી અળગા રહીને
ત્યાં મન માંહી ચરિત્ર કીધા. રે યોગેશ્વરો -
યોગના માર્ગ દોહેલા. ॥૩॥

રત્ન પ્રકાશીને સ્વામીએ તેજ દેખાડ્યું,
ત્યારે નાભી થકી નૂર ઝરિયા;
કહે ઇંદ્ર ઇમામશાહે કુંભ દેખાડ્યા,
તેમાં આદ બુંદ નૂર ભરીયા. રે યોગેશ્વરો -
યોગના માર્ગ દોહેલા. ॥૪॥

જ્ઞાન - ૨૫

● તો યુક્તિ વિના યોગ દોહેલા. ●

ધંધુકાર માંહે ધ્યાન ધરીનો,
તો કરણ માંહે કરણી કમાઈ;
કલ્પ મધ્યે અમે કલ્પનાઓ કીધી,
તો યુક્તિએ સૃષ્ટિ નીપાઈ. રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૧॥

યુક્તિ મધ્યે અમે યોગ જો સરજ્યો,
તો યોગ મધ્યે સર્વે યોગ સરજ્યા;
ભાષા માંહે તો સર્વે યોગેશ્વર,
તો ભાષા માંહે સર્વે વર્ત્યા. રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૨॥

આજ કલિયુગ મધ્યે યોગી કોને રે કહીએ ?
કહોનો ભેદ ના વ્યવહાર ?
કઈ રે યુક્તિએ તમે યોગી કહેવાયા ?
કઈ પેરે રહ્યા છો સંસાર ? રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૩॥

તમને કોણે અંતે યોગ દેખાડ્યા ?
અને કોણે ભભૂત જો આપી ?
કોણ રૂપની તમે કળા જો માનો ?
તમને કોણે યોગી કીધા સ્થાપી ? રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૪॥

તમે શું રે કમાઓ ને શું રે આચરો ?
અને કેવા ધરો છો ધ્યાન ?
આ વેળામાં વાટ ક્યાં થકી લીધી ?
તમને કોણે બતાવ્યાં યોગનાં જ્ઞાન ? રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૫॥
તમને કોણે પરબોધીને ઉપદેશ દીધા ?
તમને કોણે દેખાડ્યો આ ધર્મ ?
યુગ યુગાંતરમાં તમને કોણે સમજાવ્યા ?
તમે કીયે જાપે બાળો કરમ ? રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૬॥
અમે સદ્ગોર બ્રહ્માના આસન પૂજીએ,
અને કળા રે સેવીએ તમારી;
અથર્વ વેદના અમે વાક્ય ભાખીએ,
અને સત્પંથ સેવીએ વિચારી. રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૭॥
સત્પંથના યોગીઓને ઉપદેશ દીધો,
અમને દેખાડ્યો આ ધર્મ;
નિષ્કલંક નામે અમને જાપ જપાવ્યા,
અને તેણે બાળીએ કરમ, રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૮॥
સત્ય સંતોષની અમને યુક્તિ દેખાડી,
કરાણીની ભભૂત અમને આપી;

પાત્ર યોગીનો અમને પરવાર દેખાડ્યો,
અમને ત્યાંથી યોગી કીધા થાપી. રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૯॥
જાંબુદ્વીપનાં અમને આસન દેખાડ્યાં,
ત્યાંથી યોગી થયા અમે અનેરા;
સત્‌પંથી યોગીઓના વાચક પ્રમાણ્યા,
અને તેથી છૂટ્યા બંધન ફેરા. રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૧૦॥
ઇન્દ્ર ઇમામશાહને બ્રહ્મા પ્રમાણ્યા,
ત્યારે યોગી તણા સાંસા ભાંગ્યા;
નવ રે નાથ ને સિદ્ધ ચોર્યાસી,
આપી દશાંશ ને પાએ લાગ્યા. રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૧૧॥
કહે પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહ,
તમે અથર્વ વેદના વાચક કમાઓ;
જાંબુદ્વીપની તમે યુક્તિ સેવો,
તો સહેજે અમરાપુર જાઓ. રે યોગેશ્વરો -
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૧૨॥

જ્ઞાન - ૨૬

● ત્રણ તત્ત્વનો ભેદ જાણે કોઈ ●

ઇચ્છા કરીને જ્યારે આસને બેઠ્યા,
ત્યારે મર્મ સ્થળે ધ્યાન ધરીયું;
વચનો તો સાચાનો પોતાની વાચા,
તો આપો આપે સર્વે સર્જ્યું, રે યોગેશ્વરો -
ત્રણ તત્ત્વનો ભેદ જાણે કોઈ. ॥૧॥

યુક્તિએ આહાર યુક્તિએ વ્યવહાર,
આનંદ શબ્દે જ્યોતિ પ્રકાશી;
તંત્ર મંત્રના સર્વે ભેદ જો કીધા,
તો શબ્દે કરી સર્વે લીધા. રે યોગેશ્વરો -
ત્રણ તત્ત્વનો ભેદ જાણે કોઈ. ॥૨॥

માયા છેદીનો સત્ પ્રકાશી,
ત્યારે કળા ધરીને ધ્યાન જ ધરીયું;
તોજ માંહેથી મૂરત સારજી,
તેને મસ્તકે નીર ઝરીયું. રે યોગેશ્વરો -
ત્રણ તત્ત્વનો ભેદ જાણે કોઈ. ॥૩॥

આ તન માંહેથી ત્રણ મૂરત સારજી,
ત્યારે ત્રણ કળા દેવે કીધી;
કહે પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહે શુદ્ધ દેખાડી,
ત્યારે યોગીએ વાણી ગ્રહી લીધી. રે યોગેશ્વરો -
ત્રણ તત્ત્વનો ભેદ જાણે કોઈ. ॥૪॥

જ્ઞાન - ૨૭

● તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ●

અનંત આરંભ સ્વામીએ ઇંડ માંહેથી કીધો,
અનંત લીલા ત્યાંય વળી કીધી;
ઓમ (ૐ) કાર શબ્દે ઇંડ જો છેદયું,
ત્યારે વ્યવહારે વાચા ત્યાં દીધી. રે યોગેશ્વરો -
તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ॥૧॥
ધ્યાન ધરી ધરી આરંભ કીધા,
ત્યારે ભાવ વિવેક સર્વે સરજ્યા;
રતન અનંતની જ્યોતિ પ્રકાશી,
ત્યારે હેત કમલ થકી સરજ્યા. રે યોગેશ્વરો -
તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ॥૨॥
શબ્દને સાદ બેઉ યોગે કરી આવ્યા,
તો વિવેક તણા વિચારો;
ત્રણ મૂરત એક જ્યોત શું ખેલે,
તેને જાણે તે જાણનહારો. રે યોગેશ્વરો -
તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ॥૩॥
ગગન પાતાલ દેવે સૂન માંહેથી સરજ્યા,
તો ભેદ અભેદ ના નીવેડા;
બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહે શૂન્ય દેખાડ્યું,
ત્યારે યોગીના થયા નિવેડા. રે યોગેશ્વરો -
તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ॥૪॥

જ્ઞાન - ૨૮

● યોગી રે યોગી તે આસન યોગી. ●

યોગી રે યોગી તે આસન યોગી,
બાકી અવર મુદ્રા ધારી; ॥૧॥

કાન કેરી મુદ્રા પવન શું ડોલે,
તો મન કેરી મુદ્રા સાચી. ॥૨॥

મન કેરી મુદ્રા તેને સોવણની કાયા,
તો અંદર ભભૂત લગાયા; ॥૩॥

જટા મુગટ મોહોર હારના છૂટે,
કાયા મેરી પવન શું ડોલે. ॥૪॥

કાચી કાયા પવન ઓધારી,
તો નીર ચલે સો પાળી; ॥૫॥

પાળ ફૂટીને નીર ઢોલાણા,
તો કાયા છે કામણ ગારી. ॥૬॥

આરે સાંસારમાં પાસા રે ઢલિયા,
તો ખેલ ખેલે સાચિયારા; ॥૭॥

તો ખેલોને જાગો મોરા મુનિવર ભાઈ,
તો આહે પાખંડ કેરા વારા. ॥૮॥

ગગન મંડલ માંહે શબ્દ જો હુવા,
તો નવ ખંડે આશા તમારી. ॥૯॥

નવ અવતારે નવ દાનવ છેધા,
તો દશમે કાલિંગો છેદનહારા. ॥૧૦॥

જ્ઞાન અમીરસ બોલ્યા સદ્ગુરુ ઈમામશાહ,
તો યુગે યુગે આશા તમારી. ॥૧૧॥



જ્ઞાન - ૨૯

● ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ●

સદ્ગોર પ્રસાદે સ્વામી હાથ પગ આપ્યા,
તો ગોર નો કેમ વિસાર્યા;
ભૂલ્યા રે ભૂલ્યા તમે નાથ મચ્છંદર,
તો જપ તપ બોઉ હાર્યા;
હાડકી કે લીયે જ્યમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પૂછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ॥૧॥
સઘળી ગત્ગંગા તે સુખે સેજ પોઢતા,
તે કોણસે રાજાએ પાર ઉતારીયા ?
સુખની આશાએ સ્વામી બહુ વરસ વહી ગયા,
અવિચળ ધણી થકી ફળ લઈએ;
હાડકી કે લીયે જેમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પૂછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ॥૨॥
બુદ્ધડી ગુમાવી જેણે આ સત્પંથ છોડ્યા,
મરણ જીવણ બાહુ હાર્યા;
રાજ એ લોભે નાથજી પાપે બંધાણા,
તો કર્મ ધર્મ બોઉ હાર્યા;

હાડકી કે લીયે જેમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પૂછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ॥૩॥
ભઠ્ પડ્યો એ ટાઢા ટુક્કા,
ભઠ્ પડ્યો એ ભોંયકા સૂણા;
ભઠ્ પડ્યો એ સોટા લંગોટા,
ભઠ્ પડ્યો અવતારકા ખોણા;
હાડકી કે લીયે જેમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પૂછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ॥૪॥
ઓર ધણીકા ગોરસા મીઠા,
તમે ગોર મૂખે કરણી કમાવો;
આ ધરતી ઉપર કોઈ થર ના રહ્યા,
નાથજી સ્વામીકો કેમ ગુમાવો ?
હાડકી કે લીયે જેમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમનો પૂછું શુદ્ધ નાથ ગોરખ,
આવડી શુદ્ધ તમે કેમ કરી જાણી ? ॥૫॥
સ્વામી અમે ભૂખડી ખોઈને તૃષ્ણા છીપાઈ,
અમે ન નયણે નિદ્રા ના આણી;
સદ્ગોર બ્રહ્માજીની સેવાએ જાગ્યા,

તો નાથ મચ્છંદરે ત્યાં થકી શુદ્ધ જાણી;
હાડકી કે લીધે જેમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પૂછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ॥૬॥
જેણે બંબ થકી આપણી કાયા નીપાઈ,
તો બાંબા પર ભોમ કરમ ટાળો;
સત્‌પંથ સેવો ને સદ્‌ગોર પૂજો,
જન્મ સફળ કરી દેહી વારો;
હાડકી કે લીધે જેમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પૂછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ॥૭॥
એ સાંભળી નારી અતિ સુંદર દેખી,
નાથજી ભૂલાવે શું પડીયા ?
મચ્છંદર પ્રસાદે શુદ્ધ ગોરખ બોલ્યા,
તો નિત્ય નવા નાથ કહેવાયા;
હાડકી કે લીધે જેમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પૂછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પૂતળીએ સર્વે યુગ છલીયા. ॥૮॥

જ્ઞાન - ૩૦

● તો યોગના મર્મને જાણો. ●

આદે થકી એક સૂન ઉપાયા,
ત્યારે સૂન માંહે શબ્દ સમાયા;
મુદ્રા પહેરી નો મન વશ નાહી,
તો નરકે જાશો નિર્વાણ. રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ને જાણો. ॥૧॥


અનાથના નાથ અમે ઇંદ્ર ઇમામશાહ,
અમે અલખ નિરંજનના ચેલા;
ભભૂત ચોળી નો પાંઉ પડાવે,
પણ સિદ્ધિના શબ્દ ના જાણે મેલા. રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ને જાણો. ॥૨॥

શિંગી વગાડે નો કાન જો ફાડે,
પણ બ્રહ્મ અક્ષર ના જાણે;
જટા વધારેનો યોગ ના સાધે,
એ મોક્ષના મર્મ ના જાણે. રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ને જાણો. ॥૩॥

જાંબુ દ્વીપમાં શાહજીએ તખ્ત રચાવ્યા,
તો સૃષ્ટિના સરજનહારા;

એ રે ગોર યોગી તમે આરાધો,
જેણે ત્રણ ભુવન પેદા કીધા. રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ને જાણો. ॥૪॥

અડસઠ તીર્થો પાવનનો પાણી,
ત્યાં જીવના નિવેડા નહિ થાએ;
કહે ઈમામશાહ સુણો મારા યોગી,
અમને મળે સંશય દૂર થાએ. રે યોગેશ્વરો-
તો યોગના મર્મ ને જાણો. ॥૫॥



જ્ઞાન - ૩૧

● તમે યોગની યુક્તિના જાણી. ●

નીલ વરણ ધંધુકાર જો હતા;
ત્યારે તેજ સામા તો અમે હતા;
અહદ રૂપે અમે ઇન્દ્ર ઇમામશાહ,
એ મધ્યે નિરંજનના સાથી રે યોગેશ્વરો-
તમે યોગની યુક્તિ ના જાણી. ॥૧॥

એ ત્રણ મૂરત આગળ તત્ત્વ જાણો,
ચોથી આદ્ય શક્તિ અવતારી;
જાંબુદ્વીપમાં તમે દર્શન દેખો,
જેથી પાવન થાએ નર ને નારી. રે યોગેશ્વરો-
તમે યોગની યુક્તિ ના જાણી. ॥૨॥

આવા ગોર નરે તમને સત્‌પંથ આપ્યા,
પણ સામલ લેજો જે જીવનો ભેળો;
ભીતર ખોજે તો અમનો મળે,
તો આવાગમનના ફેરા ટળે. રે યોગેશ્વરો-
તમે યોગની યુક્તિ ના જાણી. ॥૩॥

ધરતી પાતાળનો સહેજે સ્વર્ગાપુર,
અમે કળા ધરીનો આવ્યા;

જ્યાં લગી નાથના નાથ નથી મળીયા,
ત્યાં લગી તમે ફેરા ખાવા આયા. રે યોગેશ્વરો-
તમે યોગની યુક્તિ ના જાણી. ॥૪॥

હેમપુરી નગરીમાં અલખ ધણી રહે છે,
તેને છત્રીસ પંથ સૌ જાણે;
મૂકો રે બાજી તમે મન કરો કાજી,
પણ કોણ કર્તવ્યના છે નિવેડા. રે યોગેશ્વરો-
તમે યોગની યુક્તિ ના જાણી. ॥૫॥

એ ત્રણ મૂરતને આદિ યોગ માયા,
તેને તો એક કરીને જાણો;
કહે ઇંદ્ર ઈમામશાહ તમે સુણોને યોગી,
અમને સેવો તો સ્વર્ગ પામ્યા જાણો. રે યોગેશ્વરો-
તમે યોગની યુક્તિ ના જાણી. ॥૬॥

જ્ઞાન - ૩૨

● સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ●

સત્‌પંથ સાચા ને ગોરની વાચા,
અમે ધરમ કરમથી રહ્યા ન્યારા;
કોણ નાથે તમને ધર્મ દેખાડ્યા ?
તે નાથ જાશે નરક મોઝારા. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૧॥

આસન બાંધે ને યોગને સાધે,
સંસારમાં ચાલો તમે સુધા;
નવ નાથ ને સિદ્ધ ચોર્યાસી,
તે અમારી સેવાએ ઊભા. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૨॥

જ્યોતિ ને લેખે ને અસત્યને મેલે,
પણ પ્રાણ જાતાં નહિ લાગે વાર;
વિષ્ણુની વાણી ને ગુરુ મુખે જાણી,
ગર્ભે ઘસાતાં નહિ લાગે વાર. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૩॥

સુક્રિતે સાચા ને નર નારી રાચ્યા,
અંગ ઉગારા કો હો ના નાહિ;

આદ્ય પુરુષ માનો અંદરમાં આપે,
પણ હીરા રતને હાથ રાખો સાહી. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૪॥

વિષિયાને વારો ને જ્ઞાન સંભારો,
તો તમને આપે સ્વર્ગાપુરના વાસા;
જાંબુ દ્વીપે ગુરુજી તારવા આવ્યા,
તે નાથના નાથ તમે જાણો. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૫॥

અક્કલે જાણે તો અમને પીછાણે,
અમે કીધા યોગના વિસ્તારા;
ચારે વેદોથી અમે રહીને ન્યારા,
અમને સેવો તો પામો નિસ્તારા. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૬॥

ચારે વેદની વાત તે તો સંસારીયાને હાથ,
પણ ભેદ પાંચમા વેદના કહ્યા;
પાંચમા વેદના ગુરુ જ્યાં શુધ્ધ નથી મલીયા,
ત્યાં સુધી ફેરા ચોરાસીના રહ્યા. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૭॥

માગી ખાએ તેને મોક્ષ ના થાએ,
પરધન લેઈ પસ્તાએ;
લુણ પાણીનું શાહો મારો લેખાં લેશે,
ત્યાં કેમ કરીને ઉત્તર દેશો. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૮॥

આજ કલિયુગનો ખોયા જન્મારા,
પણ જ્યોત વિના શું થાયે ?
કહે ઇંદ્ર ઇમામશાહ સુણો યોગેશ્વરો,
કરડું રૂપ લઈને અમે આવ્યા. રે યોગેશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૯॥



જ્ઞાન - 33

● સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ●

યોગ પ્રમાણીનો સેવા શું જાગો,
તમે સંતોષે શુદ્ધ થાશો;
સદ્ગોરની વાચા તે કરણીએ સાચા,
તમે મુનિવર સેવા શું જાગો. રે યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૧॥

તન મન વારો ને વિષિયાને મારો,
સોહી આપે અમરાપુરના વાસા;
અમે ધર્મ પ્રકાશીને ઘટ પાટ સ્થાપ્યો,
ત્યાં બાંધી જીવોની આશા. રે યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૨॥

એક અબ્ધુત અમો જ્યોતિ શું ખેલ્યા,
અમે કીધા યોગ ના નિવેડા;
અમે આસમાન બાંધી ચંદ્ર નિપાયા,
અમે સરજી તે વરણ અઢાર. રે યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૩॥

અમે પવન પ્રકાશીને પાતાલ બાંધ્યું,
અમે ત્રણ મૂરત એક કિરતાર;

અમે ત્રણ મૂરત એક તત્ત્વ જાણો,
અમે નરને નારાયણે સંગ સાધ્યું. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૪॥

એ ઘરના પુરુષ તમે પાવળ પીયો,
જે ઇકોતેરસોનો ઓદ્ધારો;
તેવો તમોને સત્‌પંથ જો આપ્યો,
તમને નરકે જાતાં જીવ કાઢ્યા બહારો. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૫॥

ઇકોતેરસો યોગીના આગળ કરીને,
તમે એવા બ્રહ્મજ્ઞાન સુણો;
કીધા કર્તવ્ય તમારા ટળી રે જાશે,
તો ટળશે મહાદન કેરો માર રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૬॥

મુનિવરને કાજે અમે અમરાપુર સરજ્યા,
જે કોઈ આવશે કરણીયે સાર;
આગો ગોરખ મચ્છંદર કહીએ,
જેણે નથી તજી સંસારની માયા. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૭॥

તેઓના આધાર અમ ઘરથી થયા,
એવું જાણો તો ભેખ ને ઊતારો;
એ શુદ્ધ પુરુષની સેવા જો કરીયે,
તો જીવોને પૂંછક તો નહિ થાશે. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૮॥

ભભૂત ચોલીને હાથે લીધી ઝોલી,
પણ ભીતરના ભેદ નહિ જાણો;
એમ કહે ઈમામશાહ સુણો યોગેશ્વર,
તમો દશમા દર્શનને પરમાણો. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૯॥

પ્રાણીના અર્થ નવ અવતારે સીધ્યા,
તમે સેવા કરો નર ને નારી;
આ દસમે અવતાર તમારા કારજ સીધસે,
તમે સત્‌પંથ ધાઓને વિચારી. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે. ॥૧૦॥

જ્ઞાન - ૩૪

● તો યોગના તત્ત્વ તમે જાણો. ●

અહદ રૂપેથી નીલ જો હુવા,
નીલ થી અનીલ નીપાયા;
વાચા પ્રમાણી અમે મંડાણ માંડ્યું,
તો માંડી ઉત્તપત્તની લીલા. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧॥

રચના રચી રચી રમત જો કીધી,
ત્યારે કીધા યોગ નો ભોગ;
ત્રિશુલ ધરી અમે દૃષ્ટિ જો રાખી,
ત્યારે રચનાનાં પારણાં રચીયા યોગ. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૨॥

પ્રદક્ષિણા કરીને જો પાયે પડીયા,
ત્યારે ચરણ ધોઈને ચરણામૃત લીધા;
એમ ઓધરશે નરનો નારી,
અમે મૂળસ્થાનેથી સ્તંભ જો દીધા રે. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૩॥

મૂળ ને મંડાણ બેઉ બંધથી ઉપાયા,
ત્યારે સારજયા સત્ય નો દત્ત;
સત્યનો દત્ત બેઉ બ્રહ્માએ સારજયા
અને સરજ્યા તે તેજ ના તંત, રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૪॥

ઉદ્ બુદ્ધ વાણીને ગોર મુખે જાણી,
ત્યારે જો જો શંખના શબ્દ માણી;
શંખ પ્રકાશીને સંસાર જો સરજ્યા,
તે દિન યોગના ક્યાં હતા અબ્દ ? રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૫॥

એ ઈશ્વર પાર્વતી પ્રથમ અવતાર,
તેના યોગ તમે લીધા;
તે યોગ જોઈને તમે કેમ ભૂલ્યા ?
તેથી પડશો તમે અંધકાર, રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૬॥

અમે સત્ય પ્રકાશીને સત્પંથ સરજ્યા,
અમે કીધા જીવોના ઓદ્ધાર;
સત્પંથ માંહે ઊભા રહી આશિષ માગી,
એમ ઈકોતેરસોનો કીધો ઓદ્ધાર. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૭॥

એ નરને નાર બેઉ યોગ શું ખેલે,
પણ યોગના ભોગે બ્રહ્માની ભક્તિ માલે;
એ બ્રહ્માની ભક્તિને જીવોની મુક્તિ,
તમે ટાળો મોહ મત્સરને કાળે. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૮॥

કાળ તજશો તો તમે આવીને મળશો,
એક અક્ષરથી રાબ યુગ કીધા;
તો રે અક્ષાર અમનો દેખાડો,
એણી માયાએ મુનિજન મિત્તા. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૯॥

એણી માયાએ મહેશ્વર મોહ્યા,
પંચભૂત પંચભૂતાત્માને વશ રાખો;
એ વૈતરણીનો વશ રાખો,
એ ઉપદેશ યોગીએ તમને આપ્યો ? રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૦॥

તો ગોર તો અમનો દેખાડો,
અનેક જીવને ગોરે દુઃખ ના દીજે;
એ દર્શન તમે ક્યાં લેશો ?
દસે અવતારે અમને લીજે. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૧॥

દસે અવતારે અમે મનુષ્ય દેહીએ આવ્યા,
તો અમનો તો પ્રત્યક્ષ પૂજો;
અમારા મરમ અમે પીયુને પરમેશ્વર,
અમને અંત કાલના તારણ લેજો, રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૨॥

વૈકુંઠના દુઃખ તમથી વેઠ્યા નહિ જાએ,
ઊંચ નીચ નહિ ત્યાં કોઈ;
અમરાપુરને દરવાજે ઊભા જો રહીને,
દોડી જાવો જ્યોતિ દેખાડે તે જોઈ. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૩॥

હેમપુરી નગરીનો કુંવારકા ક્ષેત્ર,
ત્યાં જીવોના જુજવા નિવેડા ખાસ;
પહેલા કર્તાયુગમાં અમે કરણી કીધી,
ત્યારે ઉત્તર દિશામાં પૂર્યા વાસ. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૪॥

બીજા ત્રેતા યુગમાં અમે પૂર્વ દિશા પૂજાવી,
પણ તો દર્શનો અમોનો જાણો;
એ નાથના નાથનો ઢૂંઢતાં ચાલો,
પ્રત્યક્ષ જાંબુદ્વીપના દેવ પ્રમાણો. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૫॥

ત્રીજા દ્વાપર યુગમાં દક્ષિણ દિશા પૂજાવી,
અમે પ્રાણીના અર્થનો કાજે,
સતી જીવોને સ્વર્ગાપુરના વાસા,
પણ અમર પૂજા જે કોઈ પૂજે આજે. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૬॥

આજ કલિયુગે પશ્ચિમ દિશા પૂજાવી,
ત્યાં અવિનાશીએ પૂર્યા વાસો;
દર્શન દેખો તો સત્પંથ લેખો,
તો શુદ્ધ બુદ્ધના દાતાર થાશો. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૭॥

એ ચારે યુગમાં અમે પ્રત્યક્ષ બેઠા,
જેનો આદે સદ્ગુરુ ભેટ્યા નામ;
નિર્મલ થઈનો નિરંજન આરાધો,
સેવા કારણે અમે કલિમાં કીધાં કામ. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૮॥

એમ કહે ઈમામશાહ તમે નિરંજન પૂજો,
જેથી જીવોના થાએ નિવેડા;
ઉજ્જવલ મનો જો કર્મ કીધા,
હેતે પ્રિતે અમને આરાધો સવેળા. રે યોગેશ્વરો-
તો યોગના તત્ત્વ તમે જાણો. ॥૧૯॥

જ્ઞાન - ૩૫

● પણ યુક્તિ જાણે તે યોગી. ●

પ્રથમ યોગ કેરા મૂળ વખાણું,
તો પાંચે તત્ત્વના છે પિંડ જાણો;
પિંડ નિર્મલ કરી રાખો સંભાળી,
નહિ તો સત્પંથની શુદ્ધ ક્યાંથી પામો. રે યોગેશ્વરો-
પણ યુક્તિ જાણે તે યોગી. ||૧||

અગમ યોગી ઓમ (ॐ) કાર જો હતા,
ત્યારે નહોતી મોહનો માયા કોઈ;
પાંચ તત્ત્વકા પિંડ નિપાયા,
અલક્ષ વિના નહિ દૂજા કોઈ. રે યોગેશ્વરો-
પણ યુક્તિ જાણે તે યોગી. ||૨||

આ સત્ય વાણી તે ગોર મુખે જાણી,
શુદ્ધ ને પ્રમાણો શાહોજી આવ્યા પ્રાણી;
એમ ભણે ઈમામશાહ તમે સુણો યોગેશ્વરો,
સત્યને સંતોષ બેઉ સાથે આવ્યા. રે યોગેશ્વરો-
પણ યુક્તિ જાણે તે યોગી. ||૩||

જ્ઞાન - ૩૯

● આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ●

આજ હેમપુરી નગરી માંહે ગોર નર કહીએ,
તેની સેવા તમે સહી કરી જાણો;
તે ગોરે તમને આજ યોગ સમજાવ્યા,
તમે શુદ્ધ પુરુષની સેવા માણો. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૧॥

એ પ્રત્યક્ષ પૂજો અમથી નથી દૂજો,
તમે નર તાનાનો નાદે ખેલો;
તે પરિબ્રહ્મ નિરંજનના યોગને જાણો,
તમે યોગ ખોશો તો દોજક જાશો. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૨॥

પ્રત્યક્ષ જાણોને આ ગોરને વખાણો,
અમે આદિ અંતોથી આવ્યા રાચી;
યુગ પ્રમાણે તમને પરિબ્રહ્મ મલિયા,
તમે મૂકો તે મન કેરી બાજી. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૩॥

આદે સૌ યોગીને દુનિયાના ભોગી,
પણ ભવના બંધન કેઈ પેરે જાએ ?
ધ્યાન ધરીનો આ ધુંધળ પાણી,
ભીતર ધોયે તો પાપ જ જાએ. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૪॥

તો ગોર આજ પ્રત્યક્ષ બેઠા,
જેણે યુગોમાં જ્યોતિ પ્રકાશી;
આવાગમનના તો કરશે નિવેડા,
તમ મનના મેલ બાહેરના ધોવાશે. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૫॥

અસંખ્ય યુગ આગળ વહી ગયા,
હજુ લગી નાથ ના મલીયા;
એ કઈ પેરે યોગી યોગ કમાશો ?
આ જન્માંતર એળે વળીયો. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૬॥

અમને ના દીસે સદ્ગોર ન સૂજે,
આ સંસાર કાલે પ્રલયે જાશે;
પાખંડ પ્રાણી 'એ' ગોર નર ન જાણે,
પણ મસે પંજર ઝરી ઝરી જાશે. રે યોગેશ્વરો
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૭॥

એ ચારે ખાણીને નિરંજનની વાણી,
કાલ સંદેહ શબ્દે સૌનો પડશે;
બીજ ન બોવે અમરાપુર ક્યાંથી જાવે ?
આ કાયા તે કઈ પેરે પાકે. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૮॥

કુંજર દાન કર્તા યુગ માંહે દેતા,
ત્યારે દશે અવતારે અમે આવ્યા;
ભક્તિ ના જાણે ને યોગને વખાણે,
જનમ મરણ જીવની સાથે રહ્યા. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૯॥

મમતા ના મૂકો ને અહંકાર ના ચૂકો,
ચૌ દિશથી લાગી તમને ચોટ;
કોણ પ્રકારે તમે કરણી કીધી ?
સ્વામી રાજા સરજનહારા મોટા. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૧૦॥

પાંચ તત્ત્વ કેરા પિંડ નીપાયા,
તો કુદરતાથી અમે કીધા ખેલે;
પંચ નદી મૂળ સ્થાને તખ્ત રચાવ્યું,
તખ્તે ત્રિભોવન બેઠા ખેલે. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૧૧॥

હિમપુરી નગરીનો ધણી હિસાબ લેશે,
ત્યારે એ યોગના માર્ગ જોવાશે;
એ ભરતખંડ જાંબુદ્વીપે આવ્યા,
તે કુંવારકા ધરતીના ધણી કહાવ્યા. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૧૨॥

વરજા શહેરમાં વૈકુંઠ રચાશે,
તો દલ ભર જીવો ના દાતાર;
આ છત્રીસ પંથ આ દુનિયામાં ચાલ્યા,
ચલણે સાચા ચાલે સાચા આ વાર. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૧૩॥

આ સંસારના ગોર સર્વે પ્રલયે જાશે,
પ્રલયે જાશે જોગીનો ભોગી;
એમ ભણે ઈમામશાહ તમે સુણો યોગેશ્વર,
અમે મરણ જીવનના સંગાથી. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૧૪॥



જ્ઞાન - ૩૭

● નિરંજન લાધ્યા તો યોગને કાઢો-૧ ●

આ કુદરતે જે કોઈ જીવને ઓધારે,
જે પિંડ બ્રહ્માંડની જાણે વાતો;
એ બોલતા પુરુષને તમે સેવો રે ભાઈ,
એ કર્તવ્યે પૂછાશે તમારી વાતો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧॥
એક ધ્યાને આપણા નાથને આરાધો,
એ પિંડ બ્રહ્માંડની સંભળાવે વાતો;
ભભૂત ચોલે નો વૈકુંઠે જાવે,
એણી પેરે યોગના નિવેડા નહીં થાતો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૨॥
જટા વધારે યોગી ના જાણો,
પાણી નાહે વૈકુંઠે નહિ જાશો;
સદા પાણીમાં માછલી રહે છે,
યોગના ભેદ વિના ભટકી મરશો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૩॥
ભેદ ના જાણે તે ભવો ભવ ભૂલ્યા,
દશાંશ સદ્‌ગુરુ દીધે વૈરાગ લેશો;
વરણા વરણી ત્યાં ક્યાંએ નથી,
આજ કલિ વારે ભૂલી ના જાશો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૪॥

આજ કલિયુગે ભૂલી ના જાશો,
દુનિયા કરણીનું ઠામ આજે ભારી;
આ અવતાર ના જાણે તેને સત્પંથ ના સૂજે,
તે પછી શું કરશો તમે નરને નારી. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૫॥
પિંડનો ધંધો તે તો માયાનો ફંદો,
મરશે મન એક દૃઢ વિશ્વાસે;
આસન યોગની યુક્તિ ના જાણી,
ના જાણ્યા સર્જનહાર શ્વાસે. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૬॥
ધર્મે ધાયા તે મહા પદ પાયા,
તો પરનિંદાથી રહેજો દૂર;
શુદ્ધ નહિ શબ્દ જો નહિ,
તો નહિ સ્વર્ગને પાતાલ પૂર. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૭॥
પ્રતિતે પૂરા તો ગોર નર મુખે શૂરા,
એ જ સ્વામીને સહી કરી સેવ્યા;
અમે આદેથી આવ્યા ને અંતે સમાયા,
અમે સકલ વ્યાપક હોઈને રહ્યા. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૮॥
તમો નાથ સેવો આ વેદને ગુંજો,
તમે સત્પંથ શોધીને સુધા ધાઓ;

આજ દિન લગી તમે યોગી દર્શન લેખ્યા,
અમને નયણે દીઠે શુદ્ધિ પાઓ. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૯॥
એમ પૂછે યોગેશ્વર તમે સુણો મારા સ્વામી,
તમે ક્યાં થકી ધર્યા અવતારો ?
તમે કયે દાડે યોગની યુક્તિ સરજી,
અને અમને કહો એના ભેદો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧૦॥
એ ઇચ્છા ભોજન અમનો લાધો,
અમારા મનની મટે જંજાળો;
જનમ મરણ આ ક્યાં થકી દીધા ?
ક્યાંથી કીધી માયાની જંજાળો ? રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧૧॥
પિંડ જો નહતા ને બ્રહ્માંડ જો નહોતા,
ત્યારે નહોતા મેરુ કૈલાસા;
કહે ઈમામ શાહ અમે સ્થળ પૂજાયા,
શુદ્ધ પુરુષની સેવા એ પૂર્યા વાસ. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧૨॥

જ્ઞાન - ૩૮

● નિરંજન લાધ્યા તો યોગને કાઢો-૨ ●

પ્રથમ નીલ ધંધુકાર જો હુતા,
ત્યારે તેજ ધરીને કાયમ આવ્યા;
બ્રહ્માની સેવાએ અમે મંડાણ સરજ્યાં,
જે માનવી મનુષ્યા દેહે આવ્યા. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧॥

જે દહાડે માનવી મનુષ્યા દેહે સરજ્યા,
ત્યારે અમે હતા તો જ સ્વરૂપી;
પહેલા સત્ય સરજીને અમે ધર્મ જ સ્થાપ્યું,
રચી પૃથ્વી માયા અરૂપી. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૨॥

અમે પુરુષ સરજીને પાવલ કીધી,
અમે માંડ્યું જનમ મરણ;
અમે વેદ સરજીને વરણ નિપાઈ,
અમે યોગના શબ્દે બાંધી વરણ. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૩॥

અમે પુરુષ ઉત્તમથી આસન સરજ્યા,
અમે કીધા ધર્મ ને પાપ;
અગોચરપણે અમે પ્રતિત બાંધી,
અમે પરાક્રમથી પૂરા આપ. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૪॥

અહદ રૂપે અમે ઇંડ નાભીએ રાખ્યું,
એ રચના એ રચી કર્તવ્યે પૂરી;
જ્યાં લગી યોગી તમે પાપ ના છૂટો,
ત્યાં લગી ફેરા ખાશો તમે પૂરા. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૫॥

એન-કેન યોગી સ્વરૂપ જો માગે,
તમે ત્રણ લોક જેવા થાશો વીર;
અલખ પુરુષ સ્વરૂપ અમારાં,
અમે નાથ જાલંધરના સ્વામી. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૬॥

સત્યના છોડે નો કમાઈનો જોડે,
પણ વક્રમથી વેગળા એ સાર;
અધર્મથી પાએ પાછેરો દેજો,
પિંડને પડતાં નહિ લાગે વાર. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૭॥

એ નાશનો પૂજોનો અમનો ભજો,
પણ અમે છું સૃષ્ટિના સરજન હાર;
આજ લગી યોગી તમે જન્મ ગુમાવ્યો,
એ જીવનથી મરણ ભલેરા સાર. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૮॥

આગે કરણ આઠ લાખ જો હુતા,
તે દી'થી ધ્યાન ધરી ધરી અમે રહ્યા;
અમે આદેથી આવ્યા ને અંતે સમાયા,
પણ અમારા ભેદ કોએ ના જાણ્યા. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૯॥


માયા ના મૂઈ ને મમતા ના મૂઈ,
વળી ના મૂઈ મન કી બાજી;
એણી માયાએ મોટા મુનિ જન ખાધા,
એણીએ ખાધી પૃથ્વી સારી. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧૦॥

અમે પાવન રૂપે ચૌદ ભુવનના ભૂપ,
અમે વેળા પ્રમાણે રૂપ ફિરાવ્યા;
કુંજર દાનનો ગંગાનું સ્નાન,
યોગ વિના ધર્મની ના પડે સૂઝ. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧૧॥

આદ પુરુષથી અમો અગોચર આવ્યા,
અમે સારજયા ધરતી આસમાન;
વીસ વસા ધર્મ અમે ધરતીમાં મૂક્યું,
અમે પડદા પાપના કાપ્યા જાણ. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧૨॥

ધર્મ પાપ બેઉ સંયોગે સરજ્યા,
તેમાં અદકું ઓછું નહિ લગાર;
અમે તે સ્વામીને અમે તે પરમેશ્વર;
અમે તે ઇંદ્ર ઇમામશાહ સાર. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ।।૧૩।।

ઘેર ઘેર જ્ઞાન ને ધ્યાન ના હોએ,
ભૂલ્યા તો જમનો હાથે પડશો;
એમ બોલ્યા ઈમામશાહ તમે સુણો યોગેશ્વર.
પ્રાણનો અર્થ કેમ કરી શકશો ? રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ।।૧૪।।



જ્ઞાન - ૩૯

● પણ અલક્ષ વિના અર્થ ના સરે. ●

શ્વાસા લેખે સ્વામી શબ્દ જો ભણિયા,
એ ભણિયા તે બ્રહ્મ જ્ઞાનની વાણ;
મહાદન અમલ તે દુનિયામાં કરશે,
એવા યોગી જાશે રસાતળ જાણ. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૧॥

એકાંત થઈને મનમાં આરાધો,
તેને કાલ ના લોપે કોઈ;
કાયા છે કૂપો ને મન છે કસ્તૂરી,
મોહ મન મારો તો મમતા મૂઈ. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૨॥

ધ્યાન ધરીને આગે માહેશ્વર બેઠા,
અનો નિરંજનના ભેદ ના પાયા;
ચંદ્ર સૂર્ય સ્વામીના નૂરે નીપાયા,
તે લઈ આસમાને ધરાયા. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૩॥

અષ્ટ કુલ પર્વત અમે રે રચીયા,
ત્યારે રચી છે અમે ચારે ખાણ;
એક ઇંડ માંહે સાબ યુગ સૃજ્યા,
ત્યારે કીધી તે ઉત્પત્ત લીલા જાણ. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૪॥

અમે નાભી કમલ થકી કરુણાઓ કીધી,
અમે રાખ્યું તો બંબા વિસ્તાર;
ઇંડ માંહેથી એક તુષાર પેદા કીધી,
એ તેનો આસમાન સરજ્યો સાર રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૫॥

એ ત્રણ ગુણ માંહેથી હરિએ રમત કીધી,
હવે રતા પોતીનો રવી ઉગ્યા;
જ્યાં લગી યોગી આપણા મનને મોહ્યા,
ત્યાં લગી સર્વે ઘસાઈ ગયા. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૬॥

અંત કાળે સૌ અળગું થાશે યોગી,
એક છે આ યોગ નો ભંડાર;
લિંગ પૂજતાં તમને લાજ ના આવે,
એ વિધિએ શિવ તે કેમ પૂજાએ સાર. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૭॥

જે પથ્થર પૂજે તે અમને ના બૂજે,
તો નારકે જાશે નર નો નાર;
આસમાન અગ્નિ પુતળો પ્રીછો,
આ પ્રાણ પવન ક્યાંથી કીધા સાર ? રે યોગેશ્વરો -
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૮॥

આ દેહીનાં ડંડે ફરશે નવ ખંડે,
પણ નાથ ના નાથ ક્યાં થકી મલશે ?
એવી સેવા એ આવીને ચૌદિશ ભૂલ્યા,
એ બ્રહ્મના ભેદ કોને ના મળશે. રે યોગેશ્વરો -
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૯॥

નિરંજન માંહેથી એક પાતાલે તેજ લીધું,
તેની બાંધી વિષ્ણુની કાયા;
કાયા બાંધીને અમે રમત કીધી,
અમે કીધા તે ધમ્ ને ધમ્કાર. રે યોગેશ્વરો -
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૧૦॥

યોગી તો જે જીવતાં મરે,
આપ તરે ને અવર ને તારે સાર;
જાંબુદ્વીપના તમને યોગી દેખાડ્યા,
સંસારે ગોર નર બેહુ આવ્યા સાર. રે યોગેશ્વરો -
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૧૧॥

અંગની ઝોલીનો ભભૂત ચોલી,
ચાલ ચાલે છે ઊંધા ઉદાસી;
માયા નાદના બોલે આવા યોગ ના મલે,
પણ જન્મ એણી પેરે વહી જાશે. રે યોગેશ્વરો -
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૧૨॥

નદીને તીરે રુખ, એવી યોગીની ભૂખ,
કો દીન મુળગા ઉખડી જાશે;
એક ઠામ યોગી આસન રાખે,
એ થકી પ્રાણના અર્થ ના થાશે. રે યોગેશ્વરો -
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૧૩॥

કઠણ ક્રિયાનો દિલ રાખો દરિયા,
જેથી યોગની યુક્તિ થાએ;
એમ ભણે ઈમામશાહ તમે સુણો યોગેશ્વર.
ધર્મે ચાલો તો વૈકુંઠ જાઓ. રે યોગેશ્વરો -
પણ અલક્ષ વિના અર્થ ના સરે. ॥૧૪॥



જ્ઞાન - ૪૦

● મુજે આદ્ય ભેદકા કહો રે વિચાર. ●

કવન જ્યોત ગગનમાં ધર્યા ?
કવન જ્યોત પિંડે વિસ્તારી ?
કવન જ્યોત ગુરુ માંહે રેહેવે ?
જ્ઞાન જ્યોત જોત ખોજ કરે સારી;
કહે રે યોગી સુનો રે ગુરુજી,
મુજે આદ્ય ભેદકા કહો વિચાર. ॥૧॥

યોગી ચંદ્ર જ્યોત ગગન માંહે ધર્યા,
પવન જ્યોતો પિંઢે વિસ્તાર્યા;
જ્ઞાન જ્યોત ગુરુ માંહે રેહેવે,
ગુરુ મુખ જ્ઞાન ખોજ કહે વિસ્તારી;
સુનો રે યોગી સુનો રે અબધુ,
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૨॥

સ્વામી કોણ તમારા ગુરુ ભણીયે ?
અનો કોણ તમારાં જ્ઞાન ?
કોણ તમારાં થાનક ભણીયે ?
અનો કોણ તમારાં ધ્યાન ?
કહે રે યોગી સુનો રે ગુરુજી.
મુજે આદ્ય ભેદકા કહો વિચાર. ॥૩॥

અબ્ધુ સત્ય હમારા ગુરુ ભણીએ,
બ્રહ્મ હમારા હૈ જ્ઞાન;
ત્રિલોક અમારા સ્થાનક ભણીએ,
વિષ્ણુ અમારા ધ્યાન;
સુનો રે યોગી, સુનો રે અબ્ધુ,
તુજે આધ ભેદકા કહું વિચાર. ॥૪॥
સ્વામી કોણ સરોવર બેઠા તન ?
કોણ સરોવર બેઠા હંસા ?
કોણ સરોવરે ઝૂલે મન ?
કોણ સરોવરે લેહરા વાસી ?
કહે રે યોગી સુનો રે ગુરુજી,
મુજે આધ ભેદકા કહો વિચાર. ॥૫॥
અબ્ધુ સત્ય સરોવર બેઠા તન,
મન સરોવર બેઠા હંસા;
જ્ઞાન સરોવર ઝૂલે હંસા,
શાહો સરોવર લેહરા વાસા;
સુનો રે યોગી સુનો રે અબ્ધુ,
તુજે આધ ભેદકા કહું વિચાર. ॥૬॥
યોગી તો જે યોગ જણાવે,
તેને હરિયા કીયા સંસાર;
પાણીની બુંદથી બ્રહ્માંડ નિપાયા,
એ સ્વામી સરજનહાર;

સુનો રે યોગી, સુનો રે અબધુ,
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૭॥
એ નાથ બોલ્યા, સુનો રે અબધુ,
તું અમારી જ્ઞાનની કૂચી ભણીએ,
નવખંડમાં હમ પ્રગટ ખેલીએ,
આદ ભેદકા મૂલ ગણીએ;
સુનો રે યોગી, સુનો રે અબધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૮॥
બાલા રે ભોલા તમે સુણો મારા અબધુ,
સત્ય શું રચી પૃથ્વી માયા;
યુગ છત્રીસમાં નિષ્કલંકી ભણીએ,
તે હમો સ્વામી કલિયુગ માંહે આવ્યા;
સુનો રે યોગી, સુનો રે અબધુ,
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૯॥
અમે ઈસ યુગ માંહે આવ્યા,
તોથી થાએ અમર જીવડા સાર;
વાચા કારણ અંતો યુગો આયા,
તો નામ ધરાયા સંસાર;
સુનો રે યોગી, સુનો રે અબધુ,
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૧૦॥
ધ્યાન ધરી બ્રહ્મ અક્ષરે બાંધ્યા,
તો કરણી કમાવો ખરી;

સોહંમ જપી સન્મુખ ખેલીએ,
તો ઉપદેશ ના લીજે ફરી;
સુનો રે યોગી, સુનો રે અબ્ધુ.
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૧૧॥
આરંભે સોહંમ સહેજ સમાઈ,
જીવનો મરણા સોહેલા કહીએ;
જે જન્મે મન નિશ્ચળ તેને રહીએ,
સદ્‌ગુરુ વચને મન પ્રગટ લહીએ;
સુનો રે યોગી, સુનો રે અબ્ધુ,
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૧૨॥
ધરતી ન હુતી આસમાન ન હુતા,
ન હુતા પર્વત નો ભારા;
નવસો નવાણું નદીયું ન હુતી,
તાબાસો હમે નેહ બતાયા સારા;
સુનો રે યોગી, સુનો રે અબ્ધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૧૩॥
કહે ગુરુ ઈમામશાહ અમે પંથ પ્રગટાવ્યા,
સત્‌પંથ લેઈ જંબુદ્વીપમાં આયા;
સત્‌પંથ સદાએ છે રે ઉત્તમ,
પણ સૃષ્ટિના ગોર અમને જાણો;
સુનો રે યોગી, સુનો રે અબ્ધુ,
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૧૪॥

જ્ઞાન - ૪૧

● પણ યુગમાં જીવણા થોડા. ●

હેમપુરી માંહે અમે આસન સરજ્યા,
અમે શુદ્ધ નિરંજનના સાથી;
રેવાથી ઓત્રે નો સાબાર ત્રષ્ટે,
ત્યાં ગોર નર બ્રહ્માએ કળા કીધી. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૧॥

વૈકુંઠમાં હતા તે તમને સંભળાવ્યા,
આ યોગે મુક્તિ નહિ થાએ;
જન્મારાની જાતને જીવતરની વાત,
એમ પિંડને બ્રહ્માંડ પડીયા જાએ. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૨॥

ઈમાનની નેક ને જોવો વેદની ટેક,
પણ ઘડયા એટલા નહિ ઘાટો;
કોઈક ફાટયા ને કોઈક ફૂટયા,
કોઈક મૂલ માગે વાતો. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૩॥

એ શાસ્ત્ર તમને યોગી સદ્‌ગોરે કહ્યા,
પણ સૃષ્ટિના ગોર અમને જાણો;
સંતોષ વિધિએ સુપાત્ર લહીએ,
કુપાત્રની પૂજા કેમ ચિત્તે આણો ? રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૪॥

મોટા થાએનો શિવ ગુણ ગાએ,
પણ સાંસા તો તમનો પડશે;
યોગને કાજે તમે જીવન કાં હારો !
તો રત્ન પદાર્થ ક્યાંથી સાંપડશે ? રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૫॥

યોગનો ન જાણેનો સૂનનો વખાણે,
તો સહસ્ર ખાટકી જેવા અનોક,
જીવ હણે નો શિવ મંતાર ભણે,
પ્રેમનો અક્ષર ના જાણે એક. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૬॥

હેત ધરીનો શ્રીનર મુખે ફરીએ,
નહિ તો ફોગટ ફેરા ખાસો;
એ પાપના પડલ તારા પિંડ પર ફરીયા,
વચને હોશો તો ફેરા ટળશે. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૭॥

આપ વિચારે નો પાંચનો મારે,
નહિ તો પિંડ પ્રાણને વેહેરા પડશે;
જીવનની જ્યોતિ જેવા નિર્મલ મોતી,
ત્યારે નિરંજન ઘેર વાસો થાશે. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૮॥

પાંચને મારે તો એક કરી જાણે,
પણ સૂર્ય ઊગે સંગ્રામ થાશે;
આગળ સો સો કારણ લેઈ સૂર્ય તપશે,
ત્યારે જીવોનાં લેખાં સાહેબ લેશે. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૯॥

બ્રાહ્મણ જોષી ને સેવડા સંન્યાસી,
તો શું જાણે કળા અમારી;
અમે મરછા રૂપે રમત કીધી,
વેદ લેઈ ઘેર આવ્યા વારી. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૧૦॥

નવ માસ તમને ઉદર માંહે રાખ્યા,
તેની તમે જરાએ શુદ્ધ ના જાણી;
એમ બોલ્યા ઈમામશાહ તમે સુણો યોગેશ્વર,
તમે તજ્યો આ સંસાર શું જાણી. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૧૧॥

એવા દુઃખ દોહેલા દુનિયામાં હોશે,
પણ જેણે સંસાર લેર સમુદ્રની જાણી;
સંસાર માંડે શુદ્ધ તમે થાશો,
જે કોઈ શુધ્ધા હોશે તે ઉતરશે પાર. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૧૨॥

જ્ઞાન - ૪૨

● જેમને સરજ્યા તેમને સેવો - ૧. ●

છત્રીશ યુગનો ચોર્યાસી ચોકડી,
અમે એક ધ્યાન શું રહ્યા;
ધ્યાન ધરી ધરી સત્ય જો સરજ્યા,
તો સત્યમાં દત્ત સમાયા. રે યોગેશ્વરો-
જેમને સરજ્યા તેમને સેવો. ॥૧॥
તેવોને સેવો તો સ્વર્ગાપુર જાશો,
જાશો તો તમે કરણી નો સારું;
ધર્મનો પાપ બેઉ જીવની સાથે,
ધર્મ વધે તો પાપની ઘાટી વારુ. રે યોગેશ્વરો-
જેમને સરજ્યા તેમને સેવો. ॥૨॥
અમે અલખ પુરુષનો કુળે આવ્યા,
અમે અનંતનાં ભરણ ભરાવ્યા;
તો ભરણ મારા સ્વામીનો શોભે,
એ છેલ્લી સંઘના સરદાર કહાવ્યા, રે યોગેશ્વરો-
જેમને સરજ્યા તેમને સેવો. ॥૩॥
અમે ગોર નર બેઉ નિરંજનના ચેલા,
અમે હેમપુરીમાં તખ્ત રચીયા;
એ ચારે વેદની વાત સંસાર જાણે,
પણ જાણી જોઈને અંધા થયા. રે યોગેશ્વરો-
જેમને સરજ્યા તેમને સેવો. ॥૪॥

અમે અમર ભેદે પ્રત્યક્ષ બેઠા,
અમે બેઠા પાવન રૂપ ધારી;
પાવન રૂપે અમે અવતાર લીધો,
એવી કળા કલિમાં ધારી. રે યોગેશ્વરો-
જેમને સરજ્યા તેમને સેવો. ॥૫॥
અમે દીન જગાવીને સંશય તોડ્યો,
અને જાતિ ભાતિના કંકાસ ટાળ્યા;
અમો બ્રહ્માને અમો માહેશ્વર,
અમે નિરંજનની કળાએ મહાલ્યા. રે યોગેશ્વરો-
જેમને સરજ્યા તેમને સેવો. ॥૬॥
અમે ભાવના સરજીને ભક્તિ કીધી,
અમે મરણ જીવણ બેહુ સારજ્યા;
વિષ્ણુ રૂપે અમે વૈરાગી કહેવાયા,
માળા પહેરી માગી ખાયે તૃષ્ણા. રે યોગેશ્વરો-
જેમને સરજ્યા તેમને સેવો. ॥૭॥
કહે ઈમામશાહ અમે સ્થળ પૂજાવ્યા,
સાંઘ પોતીનો સામર્થ આવ્યા;
ઠામ ઠેકાણા તે ગુરુ મુખે જાણો,
એ ગુરુ વિના ગત કોએ ન પામ્યા. રે યોગેશ્વરો-
જેમને સરજ્યા તેમને સેવો. ॥૮॥

જ્ઞાન - ૪૩

● જેમને સરજ્યા તેમને સેવો - ૨. ●

યોગી તે જે જીવના નિવેડા કરે,
બાકી માગી તાગીને ઉદર પૂરે;
એ કુદરતી ખેલ અમે ત્રણના બેલી,
અમે ત્રણ ગુણ મળી લીધી તાળી. રે યોગેશ્વરો-
જેમણે સરજ્યા તેમને સેવો. ॥૧॥
સોળ કળા લઈ અમે સ્વર્ગેથી આવ્યા,
ત્યારે યુગમાં જળાહળ થાયો;
મહાદનના માર આગળ કેમ કરી સેહસો ?
તમે શુધ વિસારી બેસી રહ્યા. રે યોગેશ્વરો-
જેમણે સરજ્યા તેમને સેવો. ॥૨॥
સામા પ્રમાણે તમે સ્વર્ગમાં જાશો,
વાસા વૈકુંઠના તમનો થાશે;
કર્મ સાંચોગે તમે કર્તવ્ય ટાળો,
એ ટાળો ભભૂત ભાવે જાશે. રે યોગેશ્વરો-
જેમણે સરજ્યા તેમને સેવો. ॥૩॥
અજ્ઞાન ને મેલો ને ચેતો સાવેળા,
અમ પાસો વસાશો કે દૂર જાશો ?
ત્રિવેણી ઘાટમાં સાંગ્રામ કીજે,
સત્પંથ ફળ તેથી પાઓ. રે યોગેશ્વરો-
જેમણે સરજ્યા તેમને સેવો. ॥૪॥

કાયાના મહેલમેં ગુરુજી કરમ કીધા,
ત્યાં કોણ રાજાને કોણ પ્રધાન ?
જે કોલે કાયમજી શું બંધન થયા,
તે કોલ આજ સંભાળો રાખી ધ્યાન. રે યોગેશ્વરો-
જેમણે સરજ્યા તેમને સેવો. ॥૫॥
એક રાજા ગુરુ ને મારું મન પ્રધાન,
ઉમિયા અમારી માતા નિરંજન તાત;
ઓમકાર દેવીને કાયાપુરી નગરી,
એની સેવાએ ખેલો સાક્ષાત્. રે યોગેશ્વરો-
જેમણે સરજ્યા તેમને સેવો. ॥૬॥
એમ બોલ્યા ઈમામશાહ તમે સુણો યોગેશ્વર,
જન્મ ગુમાવશો જોતાં જોતાં જાણી;
અલક્ષ નિરંજન જ્યારે લેખું લેશે,
ત્યારે કાયાને ઘાલશે લોઢાની ઘાણી. રે યોગેશ્વરો-
જેમણે સરજ્યા તેમને સેવો. ॥૭॥

જ્ઞાન - ૪૪

● બ્રહ્મ પીછાણે સોહી યોગી. ●

કોણ સત્ય તમારું કહીએ બ્રહ્માજી ?
કોણસી નગરમાં રહો વાસો ?
કોણે ઉપદેશ આપ્યો છે તમને ?
કોણે યોગ દેખાડ્યો ખાસો. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૧॥

કોણ સત્ ગુરુએ યોગ દેખાડ્યો ?
એ કોણ કર્તવ્યે ધર્મ કીધો ?
કોણ કર્તવ્યે એવા ગુણ ખોજો ?
અને કોણ ઠેકાણે પાપ ટાળી દીધો ? રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૨॥

કોણે તમનો ભભૂત આપી ?
પણ કોણે શિંગી શબ્દ કીધા ?
કીયા ગુરુએ પથ્થર પૂજાવ્યા ?
કોણે રૂઢ માલા તમને દીધી ? રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૩॥

એ કોણસો માતા તમારી કહીએ ?
કોણસો કહીએ તમારા તાત ?
એ કોણસો ઠેકાણે દર્શન કીજે ?
પણ કોણ યોગે પૂજાવ્યા ? રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૪॥

કોણસી શક્તિ ને કોણસી ભક્તિ ?
કોણે અમર કાયા રાખી ?
એ કોણે માયા મનથી વિસારી ?
કોણ તૃષ્ણા ને તજી ? રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ।।૫।।

નિરંજનના મેળા તે યોગીની વેળા,
પણ કોણે ધર્મ કમાયા ?
કોણ પ્રકારના યોગ જ કહીએ ?
કોણ પ્રકારે કર્મના છૂટકારા ! રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ।।૬।।

કોની ચાલે ચાલો ? કોને ધર્મ આલો ?
કોનો જોઈનો મુક્તિ લેશો ?
ન આવે વિશ્વાસ તે કોણે પૂરી આશા ?
પ્રતિત વિના કેમ પાવન થાશો. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ।।૭।।

હૃદય કમલમાં કોણ નર લેખો ?
આસન બેસો તો મન અજવાળે;
કોણ ભરોસો રાખો પાસો ?
પણ પંચ ભૂત આત્માને વારો. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ।।૮।।

મન તન લેખે, તે અમને ન દેખે,
એમ દન પોતે જાશો શિર સોતા;
આ યુગ જાણો તો મન શું વખાણો,
પણ વિષિયાની વેલ કડવી હોવે. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૯॥

સૂન મંડળ માંહે તમે શું શોધો ?
પણ પ્રતિમા પૂજે પાપ ના જાએ;
યોગ કમાઓ તમે યુગનો જોઈ,
ધરણી કરણી જીવો સાથે થાએ. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૧૦॥

નવ માસ તમનો ઉદર માંહે રાખ્યા,
તમે તેની સૂધ ના જાણી;
મનની કાસળ તમે કાઢી નાખો,
તે નિત્યના નહિ લેખા પ્રાણી રે. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૧૧॥

એમ બોલ્યા ઈમામશાહ તમે સુણો યોગેશ્વરો,
પણ જ્યોતિ વિના યુક્તિ ના હોવે;
કાળના ધંધા ને દુનિયા ના ફંદા,
પણ ફોગટ માટે ફેરા ખાશો. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૧૨॥

જ્ઞાન - ૪૫

● અમને આસન બ્રહ્માજી બતાવો. ●

એ કોણ ગુરુ અમે તમને કહીએ ?
કોણ સે આસન તમનો લહીએ ?
અમો કોણ વિધ સપાત્ર લહીએ ?
અમે કોણ શબ્દે મંત્ર ભણીયે ? રે યોગેશ્વરો-
અમને આસન બ્રહ્માજી બતાવો. ॥૧॥
કોણસી નગરીમાં ભેળા રહીએ ?
કોણ ધામે તમનો કહીએ ?
દુનિયાના ગુરુએ અમને યોગ દેખાડ્યો,
અમે દેખા દેખી ભભૂતી ચોળી. રે યોગેશ્વરો-
અમને આસન બ્રહ્માજી બતાવો. ॥૨॥
અમે માગી ખાવાને ભેખ જ પહેર્યા,
અમે કાયા ને કાજે કંથા પહેરી;
અમે દુનિયામાં દોડી દામ મેળવ્યો,
અમે પાપના પડદા લીધા પહેરી. રે યોગેશ્વરો-
અમને આસન બ્રહ્માજી બતાવો. ॥૩॥
અમે પ્રેમ પ્રકાશી પત્થર પૂજયા,
અમે ઉમિયાની સેવા કીધી;
મન વશ નહીંનો, તીર્થે ફરીએ,
એ મૂલે, મૂલ અમે ગુમાયા. રે યોગેશ્વરો-
અમને આસન બ્રહ્માજી બતાવો. ॥૪॥

અમે પંચભૂત આત્માને મોકળ દીધા,
અમે જીભ્યા સ્વાદે યોગ જ લીધા;
ઉત્તપત્ત પૂછો, તે અમે શું જાણીએ ?
અમને સૃષ્ટિના ગુરુજી નથી લાધ્યા. રે યોગેશ્વરો-
અમને આસન બ્રહ્માજી બતાવો. ॥૫॥
બ્રહ્માના ભેદ ગુરુજી અમે શું જાણીએ ?
ગુરુજી અમનો તો ઠેકાણા બતાવો;
અમે ઠરી કરી ને ત્યાં જઈ ઠરીએ,
અમે ચરપટ રાજાને મન્છા નગરી. રે યોગેશ્વરો-
અમને આસન બ્રહ્માજી બતાવો. ॥૬॥
અમે કવણ આસન ધરીએ ?
અમે કવણ ક્રિયા કર્મ કરીએ ?
અમે કવણ દિશાએ જાપ જપીએ ?
અમે યોગને કારણ જન્મ ગુમાયા. રે યોગેશ્વરો-
અમને આસન બ્રહ્માજી બતાવો. ॥૭॥
અમે મરણ ના લેખું ને જિંદગીના દેખું,
અમનો નારાયણની સેવા ના સૂઝી;
હીરા હશે તોનો ઝવેરી જડશે,
ઈમામશાહ મલ્યા તે યોગી થાશે. રે યોગેશ્વરો-
અમને આસન બ્રહ્માજી બતાવો. ॥૮॥

જ્ઞાન - ૪૬

● પણ અમને છે ગોર નરની આશા. ●

કોણ સિંહાસન કહો રે બ્રહ્માજી ?
અને કોણ નગરીમાં રહેશો,
કોણ ઠેકાણે અસ્થળ પૂજાવો ?
કોણ તે સાચું તીર્થ કહેશો. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૧॥
કોણ ઠેકાણે તમે પ્રગટ રહેશો ?
અને કોણસો વેદ ભણાવો ?
કોણ વિવેકની વાચા હો પાળો ?
તમે કોણસો જાપ જપાવો ! રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૨॥
અમે કોણસો તીર્થે પાપ છૂટીએ ?
અને કોણસી જ્યોત અમે લઈએ ?
ક્યાં રે જઈને અમે ગુન્હા ગુજારીએ ?
અમને તેના સાંસા ટાળો. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૩॥
સાહેજે રે દાન સદ્‌ગુરુ મુખે દેજો,
ગત્ તીર્થમાં ગુન્હા પરહરજો;
આજ પશ્ચિમ દિશા બેસી જાપ ઓચરજો,
તમે બીજ શુકરવારી કરજો. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૪॥

હેમપુરી નગરીમાં અમે પ્રગટ બેઠા,
ત્યાં ગોર નર બેઉના છે કેડા;
અનંત કરોડી જીવ તારવા આવ્યા,
અમે કરશું તે યુગોના નિવેડા. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૫॥
અથર્વ વેદી અમો પાવનહારી,
અમે સાહી નરનો નારાયણ;
ચારે તો યુગમાં ચાર દિશા પૂજાવી,
કરણ કલ્પમાં અમને સર્વે જાણે. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૬॥
સોળ કળાશું અમે જ્યોતિ પ્રકાશી,
અમે છત્રીસ આસાનો લાવ્યા;
હેમપુરીમાં હાજર ગત્‌ગંગાના મેળા,
ત્યાં અમરભેદ ભણાવ્યા. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૭॥
કુંવારકા ક્ષેત્ર માંહે મંડાણ માંડ્યું,
અનો ત્યાં પાપ ધર્મ તોલાશે;
જે કોઈ આવી "નિરાકાર"ને નમશે,
તેના પાપ તે પરલે જાશે. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૮॥
ઘટનો પાટ તમે સાચે મનો પૂજો,
સોળ કળા તો ઘટમાં આવે;

જાંબુ રે દ્વીપમાં યોગેશ્વર બેઠા,
તે સાદ શબ્દના સાથી. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૯॥
કહે ઈંદ્ર ઈમામશાહ સુણો યોગેશ્વર,
અમે નિરંજન ઘર થકી આવ્યા;
આગળ કૃષ્ણ રૂપે અમે કરુણાઓ કીધી,
અમે તે ગોર નર બેઉ આવ્યા, રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા. ॥૧૦॥



જ્ઞાન - ૪૭

● પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ●

બ્રહ્માને શિવ બેઉ સંગાથે આવ્યા,
અમો સિદ્ધ પુરુષના છે સાથી;
નિરંજન લઈ શક્તિ સમજાવી,
એ વર વરી તે શક્તિ સાથે. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૧॥
અમે નાવે અવતારે રમત કીધી,
અમનો પણ એવા તામે પીછાણો;
અમે તો બ્રહ્મા ને અમે તો વિષ્ણુ,
અમે તેજ દેવ માહેશ્વર જાણો. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૨॥
અમે પૃથ્વી રાખીને બ્રહ્માંડ જડીયા,
અમે જડ્યા મૂળનો મંડાણ;
અમે કમલ પ્રકાશીને સંયોગ કીધા,
અમે કીધા જરણ ને મરણ. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૩॥
અમે સૃષ્ટિમાં આવ્યા ને મુનિવરે વધાવ્યા,
અમે વશ થયા તો દેવ વનમાલી;
અમે સત્પંથ રોપીને રમત માંડી,
અમે રહ્યા ભક્ત ઘર મહાલી. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૪॥

ઉત્તમ મધ્યમથી અમે ના અભડાયા,
અમનો સેવે તો અમર થાયે;
અમે વાડી વાવીને વિગતાઈ કીધી,
વિશ્વંભરની કળા વર્તાવી. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૫॥
કળા વર્તાવી અમે યોગ દેખાડ્યા,
તો જાણો, તો અમે આપો આપ;
ભક્તોની વ્હારે અમે યુગોયુગ આવ્યા,
અમે કોલ આપીને ટાળ્યા પાપ. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૬॥
અમારે હુકમે પાણીને પર્વત જાણો,
અમારે હુકમે નવકુળ નાગ;
અમે પાવન વસ્ત્રે નૂરધર કહેવાયા,
અમે તે જ ઈમામશાહે આવ્યા. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૭॥
અમરાપુરનું સુખ સદ્ગોરે દેખાડ્યું,
અમે રહીએ શરણ તમારી;
શરણે રાખી અમને સત્પંથ આપ્યો,
અમે સોબતના થયા છું સાથી. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૮॥
અપરાધ અમારા અળગા કરી નાખો,
અમને નરકે જાતાં ગુરુજી ઉગારો;

એકે બાણે અમારા અંગો અંગ વિંધાણાં,
અમથી ઉત્તમ એકે ના દેવાયો. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૯॥
અમે આજ લગી ગુરુજી સૂનમાં સેવતા,
અમે ના જાણ્યા સરજનહારા;
અમે આદ્ય ગુરુ વિના ગુરુજી ભીંતે અથડાયા,
તમે સત્ય યોગ દેખાવનહારા. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૧૦॥
અમને જનમો જનમના ફેરાથી ટાલ્યા,
પણ અમે શું જાણીએ ? સુધ તમારી;
અમને જાંબુદ્વીપમાં ગુરુગત્માં દેખાડ્યા,
સુણી સાચા વેદની વાણી તમારી. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૧૧॥
વેદ પ્રમાણે અમે વિશ્વંભર વરીયા,
દશાંશ દઈએ અમનો દયોનો દર્શન;
સેવા કારણ અમે સંસાર તજિયા,
અમને ભવસાગરથી ઉતારોને પાર. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૧૨॥
કહે ઈમામશાહ તમે સુણો યોગેશ્વરો,
પણ પ્રારબ્ધે દેવનો કાયમ પામો;
જે દહાડે ધંધુકાર જો હુતા,
ત્યારે પણ અમે તેજ પ્રકાશ્યા. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૧૩॥

જ્ઞાન - ૪૮

● કાયા કસો તો યોગ સૂઝે. ●

નાથ તમારા ને ચેલા અમારા,
જન્મો જન્મના છીએ અમે યોગી;
નવ નાથ ને એ સિદ્ધ ચોર્યાસી,
એ આસને અમને આરાધે. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૧॥

અમે ન્યાય થકી જીવોને તોલીશું,
રતી રતી અવગુણ નહિ રાખું તમારા;
જે જીવ બળશે ને એકઠા મળશે,
તેના શિર પડશે ઘણ કેરા મારા. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૨॥

સાતમે નોજે સૂર્ય આવી રેહશે,
ત્યારે ધરતી હોશે ત્રાંબા વર્ણી;
એકેકો ગુન્હો સો સો વાર પૂછશે,
ત્યારે જીવડો રોસે પોકો પાડી. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૩॥

સત્પંથી હોશે તેને શિર છત્ર ધરાશે,
તોને અગ્નિ નહિ લોપે લગાર;
તે જીવનો મહાદન એળે રે ન જાશે.
તે તો બેસશે શાહોજી પાસે સાર. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૪॥

તેરે દહાડો તમને દોહેલો આવે,
કીધા કર્તવ્ય તે આગળ હોશે;
તન મન વારો ને જીવને ઓધારો,
નહિ તો હિસાબે પૂછતા હાણ હોશે. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૫॥

અધ લાખ વરસનો એક દહાડો હોશે,
એવા દુ:ખડાં ત્યાં જીવડા ભોગવશે;
મુનિવર કાજે અમે મેઘાડંબર રચીયા,
તેની છાંયે બેસી શાંતિ લેશે. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૬॥

એવા દુ:ખ દોહેલા દુનિયામાં હોશે,
પણ તમે ગુરુ મંતર ના જાણો;
તમો ઈકોતેરને તારો તો યોગ ઉતારો.
જન્મ જાશે તે જોતાં જોતાં. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૭॥

આ યોગ ઉતારીને સંસાર માંડો,
સંસાર માંડે શુદ્ધ તમો થાશો;
એણે સંસારે રાજા પ્રહલાદ સિધ્યા,
જેણે કાયા હોમાવી હોળી માંહે. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૮॥

એ મનના યોગી તે અમરના ભોગી,
સ્વર્ગે જઈને સુખિયા થાઓ;
સવા લાખ વરસનું આગળ સુખ થાશે,
અમને ગોર નર જાણીને સેવો. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૯॥

એમ બોલ્યા ઈમામશાહ સુણો રે યોગેશ્વરો,
પણ સંઘ પોતીનો સમર્થ આવ્યા;
છેલ્લી સંઘના સાહેબ અમને સહી કરી જાણો,
જે આપે અમરાપુરના વાસા. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂઝે. ॥૧૦॥



જ્ઞાન - ૪૯

● તમે જન્મના ચોગને જાણો. ●

સત્‌પંથ પદાર્થ તમે શોધીને લેજો,
એણી અંશે ઈમામ ગોર આવ્યા;
રૂપ અમારા નો ભાગ્ય તમારા,
જેણે સુધ શોધી તે નર પામ્યા. રે ચોગેશ્વરો-
તમે જન્મના ચોગને જાણો. ॥૧॥

આ જન્મે ના જાણ્યા તે જાતે લૂંટાશે,
તોની કમાઈ જાસો સર્વ લૂંટાઈ;
અમે "હેમપૂરી" માંહે તખ્તે બેઠા;
એ દિલભર જીવોના દાતારી. રે ચોગેશ્વરો-
તમે જન્મના ચોગને જાણો. ॥૨॥

તમનો ઈમામ ગોર પ્રત્યક્ષ મલીયા,
યુગના કરવા તો નિવેડા;
એ કોણ જાત તમારી ને નાત તમારી,
અમે સાહેરના તારણહારા. રે ચોગેશ્વરો-
તમે જન્મના ચોગને જાણો. ॥૩॥

એ દરિયા ભરિયા ને વેદની ક્રિયા,
ચૂકે ચોર્યાસીના ખાશો મારો;
પૂછો છો અમને ? ગોર મલીયા છે તમને,
આ સંસાર જોઈને કર્તવ્ય ખોજો. રે ચોગેશ્વરો-
તમે જન્મના ચોગને જાણો. ॥૪॥

આ સમયે જોઈને કર્તવ્ય ખોજો,
પણ ક્ષમા જેવું નાહિ કોઈ દાન;
અમે મૂળ સ્થાનમાં રમતા માંડી,
અમે હીરાની ખાણ ઉઘાડી. રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ||૫||

અમારા ધરમ, મરમ હોય તે જાણે,
અમે સકળ સંયોગે ધરીયા ધ્યાન;
ધ્યાન ધરી ધરી અમે ધારણાઓ ધરી,
નિરંજનની માયાના ધરીયા માન. રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ||૬||

આ કઠણ વેળામાં અમે કળા છૂપાવી,
અમે કીધા ભક્ત અગોચર અંતરે સાર;
આજ સમા પ્રમાણે શોધીને લેજો,
આ સત્‌પંથ છે ખાંડા કેરી ધાર. રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ||૭||

જે દાડે મોહ ને માયા એ નહોતી,
ત્યારે અમે તો રૂપ પ્રકાશ્યા જાણ;
અમે રૂપ પ્રકાશી ને રમતા માંડી,
અમે સરજ્યા તે વરણાવરણ, રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ||૮||

હિન્દુ હરિનો ભજી હરખાયા,
મુસલમાનો મૂળગા ગુમાવ્યા;
રાજા ગુંસાઈને તેમણે સૂન માંહે પાયા,
તમે શું શોધો સૂનની માયા ? રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ॥૯॥


સો ક્રિયાની અમે જનોઈ આપી,
પણ બ્રહ્મ ને જાણે સોહી બ્રાહ્મણ;
તીર્થ ન્હાવે નો પાપ ના જાવે,
એ પંથ કોણે બતાવ્યા નિર્વાણ ? રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ॥૧૦॥

પાંચમો વેદ તે તો મુક્તિનો ભેદ,
અર્શ કુર્શિની આશા તેને સોએ;
આહાર નિર્મલ મને પાળો ગુરુની વાચા,
તો હેતે પ્રીતે હાંસલ હોએ. રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ॥૧૧॥

ભિક્ષા ફિરાવે નો ઘર ઘર જાવે,
પરધાન ખાધે ધરમ ના સૂજે કાંઈ;
જટા બાંધી નો મંરછા ના મૂઈ,
માયા જૂઠીમાં મરશો તમે સોઈ. રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ॥૧૨॥

ઉપદેશે ઉંઘાનો થાએ છે સુધા,
પણ સત્ય વિના સૂકાઈ જાશો સાર;
જેમ ઝાકળનું પાણી તેમ કાયાની એંધાણી,
આવ્યું તેને વહી જાતાં નહિ લાગે વાર. રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ॥૧૩॥

દોઢી રાવાઈ જેમ મીઠી ભવાઈ,
રાત પોંતી ને રહ્યા ખેલી તે રહશે;
એમ બોલ્યા ઈમામશાહ સુણો યોગી,
અમને મળે આવા ગમન ટળશે. રે યોગેશ્વરો-
તમે જન્મના યોગને જાણો. ॥૧૪॥



જ્ઞાન - ૫૦

● પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ●

ઓમ (ૐ) શબ્દ એવો બોલે સાન વિના,
પણ લી લોપીનો મેલી લાજો;
કસનીએ કાચા એ પડશો તમે પાછા,
પણ પેટ ભરીને લેશો પાપ. રે યોગેશ્વરો-
પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ॥૧॥
કરમની કંથા સૌ થાશે મિથ્યા,
બાંધનો કંસાસુર જોનો રાજ;
એ રાજ આપીને અમે રમત કીધી,
તે અવતાર અમે તે આવ્યા આજ. રે યોગેશ્વરો-
પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ॥૨॥
અહદ રૂપે અમે રમત કીધી,
અમે એક રૂપનો નવ અવતારી;
રાસ વિલાસ આગે અમે અવનવી કીધી,
અમે રમત રમીએ અનેરી. રે યોગેશ્વરો-
પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ॥૩॥
એ પુરુષનાં તમે આસનો સેવો,
અમે જ્યોતિ ના યોગ દેખાડ્યા;
અહદની વાત તમને અમે જાહેર કીધી,
અમે મોક્ષ મુક્તિના ઠામ બતાવ્યા. રે યોગેશ્વરો-
પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ॥૪॥

અમે સૂધ પ્રસાદે સેવા કરીને,
અમે સંસારમાં સૂધ કહેવાયા;
પાવન બ્રહ્મ કુળે અવતાર લીધો
અમે ગોર ઈમામશાહ કહાવ્યા. રે યોગેશ્વરો-
પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ॥૫॥
આદિપનથી અમે પાસે જો રાખી,
અમે સોળ કળાના સરદાર;
અમે સંસારમાં આવ્યા ત્યારે યોગી કહાવ્યા,
અમે યોગ કીધા છે ગુણ ગંભીર. રે યોગેશ્વરો-
પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ॥૬॥
રેહણી કરણીએ અસંખ્ય યુગ આગે કીધા,
અમે થયા અશરણા શરણ;
એ તત્ત્વ ગુણ વિધિએ ત્રિગુણ સરજ્યા,
અમે સરજી તે વરણા વરણ. રે યોગેશ્વરો-
પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ॥૭॥
એમ કહે ઈમામશાહ તમે સુણો યોગેશ્વર,
શું વિધિએ સુપાત્રનો લઈએ;
સુપાત્રની યોગી સેવાઓ કરતા,
એ ત્રિગુણથી ન્યારા રહીએ. રે યોગેશ્વરો-
પણ જ્યોત પુરુષને પૂજો જોઈ. ॥૮॥

જ્ઞાન - ૫૧

● પણ યોગ તત્ત્વ તમે જાણો. ●

હેમપુરી નગરીમાં સદ્‌ગુરુ બેઠા,
એની સેવાએ જાગીને સૌ ખેલો;
એ સેવાએ ખેલો છે આતમનો છેલ્લો મેળો,
તમે કાયાના અભિમાન ખોવો. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૧॥
અભિમાન તજશો તો યોગને ભજશો,
આપ ન સૂઝે તે કાંએ ના બૂઝે;
એ પ્રાણીનો અર્થ કેઈ પેરે થાશે ?
તે ભરણ વેલા ભાગી જાશે દૂજે. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૨॥
આ ઘરથી યોગી દોએ તડ તરશો,
તામનો થાશે અમરાપુરની આશા;
સ્વર્ગની આશા જીવ રાખી પસ્તાસો,
પણ પચાસમા તમે પૂરો વાસા. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૩॥
સુધ નિરંજનનો છે સોળ કળા,
ત્રણ ભુવનમાં ભરી પૂરી રહ્યા;
કાયા કસીને તમે યોગ કમાઓ,
તો મરણજરણનાં લેખાં ગયાં. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૪॥

માર ખાશો ને શરમિંદા થાશો,
જીવ ગયે ફેરા અતિશયે ખાશો;
મન કેરી માળા, માયાએ કરી ભૂલ્યા,
તમે સદ્‌ગોરને શરણે જાશો. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૫॥

એ ઈશ્વર આગો બોહોત કહાવે,
પણ એ ક્યાંથી થયા છે પેદા;
અમે તો મછંદરનો યોગનું ઘર,
પંચ ભૂતને વશ રાખો સદા. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૬॥

દુનિયાના વાદે જેણે સત્‌પંથ ખોયા,
તેણે ખોયા આજ કલિમાં કિરતાર;
આ મન મનાવવા નો યોગી હુવા,
આ હંસ રમી કરી જાશે બાર રે. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૭॥

એ રુંવાનો આધારે પ્રાણ રમે છે,
એ પિંડનો પ્રાણ વાયુના સાથી;
બુદ્ધને સુધ બેઉ હોસે મરણના સાથી,
સત્ય છે દત્તાનાં બેલી. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૮॥

ક્ષમાની ખેતી ને રાખો શિર સેતી,
એ સોળ કલામાં સાથે મળશો;
એ કરણીના કાચા ને થાએ છે સાચા,
એ સંતોષની નાડેથી વળશો. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૯॥

બ્રહ્માંડ જડાયા ને ઘટ ઘડાયા,
પણ એ ઘટ છે ઘોર ગંભીર;
હેમપુરીમાં અમે આસને બેઠા,
અમે કરમ પ્રજાળી કળા ધરી ગંભીર રે. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૧૦॥

પ્રકાશી પાપને બેઠા આપો આપ,
અમે બારમી સદીના સરદાર;
અલક્ષ યોગ વિના ભિક્ષા મંગાવો,
આવા ઉપદેશે કોણે આપ્યા સાર. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૧૧॥

જ્યાં લગી તમને ગોર બ્રહ્મા ના ભેટ્યા,
ત્યાં લગી ખાસો તમો ફેરા;
સદ્ગોરની વાણી તમે ગોર મુખે જાણી,
પણ નાથ વિના નહિ હોય નિવેડા. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૧૨॥

નિષ્કલંકની ગત આ સદ્‌ગોરે દેખાડી,
તે ગોરનો તમે સાચે મનો ધાઓ;
સાચે રે મનો તમે સત્કર્મ કરજો,
તો સહી અમરાપુર જાઓ. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૧૩॥

એમ બોલ્યા ઈમામશાહ તમે સુણો યોગેશ્વર,
અમે સ્વર્ગ ભુવન થકી આવ્યા;
અમે પ્રત્યક્ષ બેઠાને પૂજા દેખાડી,
અમે જન્મ મરણના સાંસા ટાળ્યા. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૧૪॥

જ્ઞાન - ૫૨

● યોગીકો ખોજતાં યુગ ગયે. ●

યોગીકો ખોજતાં યુગ ગયે,
કહો કીત્તે દીન ભયે, સાંઈયા માંગેગા લેખા,
ઉસ યોગીકો ખોજતાં યુગ ગયે;
કહો કીત્તે દીન ભયે. ॥૧॥

યોગીકે ગલેમેં હાર હૈ, હીરા રતન શું જડીયા,
જિસકા ભાગ્ય હો ઉસકું દેતા હૈ,
ઐસા દિલ હે દરિયા.
યોગીકો ખોજતાં યુગ ગયે. ॥૨॥

યોગી સો યુગમેં એક હૈ,
બાકી સર્વે ભિખારી;
મેરા યોગી ચતુર સુજાણ હૈ,
અવર સો મુદ્રા ધારી.
યોગીકો ખોજતાં યુગ ગયે. ॥૩॥

યોગી કી રમત જો કરે,
ઉસે દઉ લાખું વધાઈયાં;
કાન ગોકુલ મેં, ખેલ ગયે,
આપો હુવા રે ગુંસાઈયા;
યોગીકો ખોજતાં યુગ ગયે. ॥૪॥

યોગી સો જેણે યોગ જ જાણ્યા,
આપે રહ્યા મસ્ત દીવાના;
યુગમાં મઢુલી, રચી રહ્યા,
જૈસી ધરતી આસમાના;
યોગીકો ખોજતાં યુગ ગયે. ॥૫॥

કાયા સો કંથા ગોદડી, કરણી કેરા ધાગા,
ઓઢ્યા સો અમર હુવા, ના ઓઢ્યા સો હારા;
યોગીકો ખોજતાં યુગ ગયે. ॥૬॥

કપડા ધોએ યોગી નહિ મીલે,
દિલે ધોવે સો પાવે;
જ્ઞાન બોલ્યા ગોર ઈમામશાહ,
સાચા અમરાપુર જાવે;
યોગીકો ખોજતાં યુગ ગયે. ॥૭॥

સદ્‌ગુરુ સૌના તારણહાર

પ્રથમ પૂરણ પ્રેમશું, વંદુ સદ્‌ગુરુ ચરણ,
તાપ ટળે સંસારના, મટે જન્મ મરણ.

સદ્‌ગુરુને ચરણે નમું, માગું પ્રેમ પ્રસાદ,
દયા કરી સદ્‌ગુરુ દીજીયે, હરિરસ અમૃત સ્વાદ.

વાણી શકે ના વર્ણવી, મારા સદ્‌ગુરુ તણાં સ્વરૂપ,
બુદ્ધિ મન પહોંચે નહીં, છે ઉપમા રહિત અનુપ.

સદ્‌ગુરુ બ્રહ્મ સ્વરૂપ હૈ, રૂપ ધરી જગમેં આય,
જિનકે શબ્દ અનુપ હૈ, સૂન કે સંશય સબ જાય.

સાત દ્વિપ નવખંડમાં, મારા સદ્‌ગુરુએ ફેંકી દોર,
દોર પકડ કર ન ચલે, તો સદ્‌ગુરુ કા ક્યા દોષ.

સદ્‌ગુરુના શરણ વિના, અજ્ઞાન તિમિર ટળશે નહીં,
જનમ મરણનું દુઃખ દેનારું, બીજ ખરું બળશે નહી.

ગાંઠ હૃદયની, જ્ઞાન વિના ગળશે નહીં,
મળ્યો મોંઘો માનવ અવતાર, તેને જાતાં વાર લાગશે નહીં.

તીર્થ ત્રિવેણીમાં નિશ દિન નાહીએ, જપીએ અજંપા જાપ,
પાંચ પવિત્ર કીજિયે, તો કુળનો થાય ઉદ્ધાર.

ઘેર ઘેર વાંચવા અને વસાવવા લાયક

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની દિવ્ય વાણી આધારિત સત્પંથ પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત થતાં સત્પંથ ધર્મના તાત્ત્વિક અને સાત્ત્વિક ધાર્મિક સાહિત્ય

(૧) શ્રીમદ્ દશાવતાર ગ્રંથ
(૨) શ્રી સત્પંથ નવનીત
(૩) યજ્ઞવિધિ (અથર્વવેદ આધારિત)
(૪) સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ જીવન વૃત્તાંત
(૫) ભાભારામ સુબોધ ભાગ-૧ અને ભાગ-૨
(૬) પ્રેમપાઠ
(૭) મન ચિંતામણી
(૮) મન ચિત્તવરણી
(૯) અમૃતવાણી
(૧૦) યોગવાણી
(૧૧) સતપંથ ધર્મદર્શન
(૧૨) ભૂમિદાગ માર્ગદર્શિકા
(૧૩) નિત્ય પ્રાર્થના પાઠ (ગુજરાતી)
(૧૪) નિત્ય પ્રાર્થના પાઠ (હિન્દી)
(૧૫) ઉત્તમ અમૃતધારા
(૧૬) આત્મજ્ઞાન પ્રકાશ
(૧૭) સ્મૃતિગ્રંથ
(૧૮) એવા ગુરુને નમે શીશ (પ.પૂ. આદ્ય જગદ્ગુરુશ્રી કરશનદાસજી મહારાજ જીવન વૃત્તાંત)
(૧૯) બાળમંડળ માર્ગદર્શિકા
(૨૦) મંત્ર લેખન બુક
(૨૧) સદ્ગુરુ વાણી (કેસેટ ભાગ ૧ થી ૧૫)
(૨૨) સદ્ગુરુ વાણી (સી.ડી. કેસેટ)
(૨૩) વી.સી.ડી. કેસેટો
(૨૪) સત્સંગ પ્રવચન કેસેટો

સદાય પ્રેરણા અને અમી દ્રષ્ટી અમ પર વરસતી રહે.



પ.પૂ. બ્રહ્મલીન પ્રાતઃ સ્મરણીય આદ્ય જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય

શ્રી કરસનદાસજી મહારાજ

પ્રેરણાપીઠ-પીરાણા.